

**મમ ય હિઅઉ સંજમે નંદિં**

હે પ્રભુ ! લોકો મને કહે છે સંયમ
માર્ગ બહુ કષ્ટમય છે : પરંતુ હું સ્પષ્ટપણે
માનું છું સંયમ અત્યંત આનંદમય છે. જેમ
તલના અણુ અણુમાં તેલ રહેલું છે. ફળનાં કણ
કણમાં રસ રહેલો છે. તેમ સંયમની ક્ષણ ક્ષણમાં ઠાંસી
ઠાંસીને આનંદ ભરેલો છે. આ આનંદરસને હું માણી શકું
તેવું મને દિલ દેજો કે જે મારા સંયમજીવન માટે આનંદનો
ફુવારો બની રહે...



સંસારમાં દુઃખ પડી રહ્યું છે માટે
મારે સંસાર નથી છોડવો... પરંતુ ભોગ
અને ભોજનની પ્રત્યેક ક્ષણોમાં બીજા જીવોને
દુઃખી કર્યા વિના સંસારમાં આપણે જીવી શકતા
નથી. માટે જ મારે હવે સંસાર છોડી દેવો છે.

***Please*, મને દીક્ષા આપો**

ધર્મો રક્ષતિ રક્ષિતઃ ।
શ્રી મહાવીરાય નમઃ
નમોઽસ્તુ તસ્મૈ જિનશાસનાય ।

॥ શ્રી દાન-પ્રેમ-ભુવનભાનુ-જયઘોષ-રાજેન્દ્ર-ચન્દ્રશેખર-વિમલકીર્તિ
સદ્ગુરુભ્યો નમઃ ॥

# *Please,*
# મને દીક્ષા આપો...

સંયમ સ્વીકારવા ઝંખતા
મુમુક્ષુનાં વિષયમાં લોકમાનસમાં ઉદ્ભવતાં
કેટલાંક પ્રશ્નોના સમાધાન

●

પ્રકાશક : પ્રાપ્તિસ્થાન
કમલ પ્રકાશન ટ્રસ્ટ
૬-એ, ચંદનબાળા કોમ્પલેક્ષ, આનંદનગર પોસ્ટ ઓફિસ પાસે,
ભટ્ઠા-પાલડી, અમદાવાદ-૩૮૦ ૦૦૭.
ફોન : ૦૭૯-૨૬૬૪૧૫૫૮, ૨૬૬૦૫૩૫૫
જશવંતભાઈ મો.: ૯૯૦૯૫૫૪૬૪૨

●

પ્રથમ આવૃત્તિ : ૧૦૦૦
મૂલ્ય : ૨૫-૦૦

●

પ્રકાશન વર્ષ :
વિક્રમ સંવત ૨૦૭૬
શ્રાવણ સુદ-દશમ
તા. ૨૯-૦૭-૨૦૨૦

●

ટાઈપસેટિંગ
અરિહંત ગ્રાફિક્સ
ખાડિયા ચાર રસ્તા, અમદાવાદ-૩૮૦૦૦૧.

## પ્રશ્નોત્તરી વાંચતાં પહેલા...

આગમસૂત્ર શ્રી પન્નવણાજીમાં કહ્યું છે કે,

**मध्यस्थो बुद्धिमानर्थी श्रोता पात्रमिति स्मृतः ।**

*(૧) જે મધ્યસ્થ છે, (૨) જે બુદ્ધિશાળી છે અને (૩) જે સાંભળવા - સમજવા, સ્વીકારવાં અને ભૂલને સુધારવાની ઈચ્છા ધરાવે છે. તેવો જ વ્યક્તિ કોઈ પણ વાતને સાંભળવાનો અધિકારી છે.* જે આ ગુણોને ધરાવતો નથી તે સાંભળવાને અધિકારી નથી. એટલે કે એવા અનધિકારી વ્યક્તિને કાંઈ પણ ન કહેવું એવું શાસ્ત્રકાર ભગવંતો જણાવે છે.

આ પુસ્તકનો વિષય સંયમ સંબંધી પુછવામાં આવતાં કેટલાંક પ્રશ્નો છે. ઘણીવાર એવો અનુભવ થતો હોય છે કે, જયારે કોઈ વ્યક્તિ દીક્ષા લેવાની ભાવના વ્યક્ત કરે, એટલે એ વ્યક્તિએ કેટ-કેટલાંય પ્રશ્નોની ઝડી સહેવી પડે. આ પ્રશ્નો પૂછનારા જિજ્ઞાસુ આત્માઓને કંઈક અંશે સમાધાન મળે એવી સદ્‌ભાવનાથી આ પુસ્તકમાં તે અંગે પ્રકાશ પાડ્યો છે. ઉપર જણાવ્યું તે મુજબનાં ગુણસંપન્ન આત્માઓ આ પુસ્તકનાં આધારે સમ્યક્‌જ્ઞાનને પામે અને જ્ઞાનનાં ફળને એટલે કે વિરતિધર્મને પણ પામે. એવી એક અભિલાષા...

આમાં જણાવેલી વાતોને ખુલ્લા મને એકાગ્રતાપૂર્વક સમજવાનો પ્રયાસ કરજો. કેમ કે **Mind is like a Parachute. It works only when it is open.**

— આ. હંસકીર્તિસૂરિ

અહીં દર્શાવેલા તમામ પ્રશ્નો મુમુક્ષુનાં માતા-પિતા પૂ. ગુરુભગવંતને જિજ્ઞાસાપૂર્વક પૂછી રહ્યા છે અને પૂ. ગુરુભગવંત તે-તે પ્રશ્નોનાં સમાધાન આપી રહ્યા છે. આ પદ્ધતિએ પુસ્તક વાંચશોજી.

# Please, મને દીક્ષા આપો...

**પ્રશ્ના[illegible]૧** સાહેબજી ! જે માતાએ દીકરાને ૯-૯ મહિના પેટમાં રાખ્યો. બધાં જ પ્રકારની કાળજી કરી. ભણાવ્યો - ગણાવ્યો મોટો કર્યો. તે બધું આનાં માટે થોડું કર્યું હતું કે દીકરો મા-બાપને છોડીને દીક્ષા લઈ લે. મા-બાપની સેવા કરવાની એની પણ ફરજ બને કે નહિ ?

ઉત્તર : મને એવું લાગે છે કે તમે મા-બાપની સેવાની વાત કરીને સંયમ સ્વીકારનાં માર્ગમાં વિઘ્નો નાંખવાનાં પ્રયાસ કરી રહ્યા છો.

પણ, સંયમ નહિ લેનારા કેટલા નબીરાઓ મા-બાપની સેવા કરે છે ? એની વાત કોઈ કરતું નથી.

- દીકરો જ ન હોય ત્યાં સેવાનો પ્રશ્ન આવતો નથી.
- દીકરો સાથે ન હોય ત્યાં પણ સેવાનો પ્રશ્ન આવતો નથી.
- દીકરો પ્રતિકૂળ બનીને જીવે ત્યાં પણ સેવાનો પ્રશ્ન આવતો નથી.
- દીકરો એવો પથારીવશ થઈ જાય કે ખુદ મા-બાપે એની સેવા કરવી પડે ત્યાં પણ આ પ્રશ્ન આવતો નથી.
- દીકરો ફોરેનમાં જ સેટ થઈ જાય ત્યાં પણ આ પ્રશ્ન આવતો નથી.
- દીકરો Mostly out of station હોય ત્યાં પણ આ પ્રશ્ન આવતો નથી.
- દીકરો મા-બાપ કરતાં પહેલાં પરલોક રવાના થઈ જાય ત્યાં પણ આ પ્રશ્ન આવતો નથી.
- કદાચ દીકરો સાથે રહેતો હોય તો'ય વહુનાં અપમાનથી મા-બાપ સખત ત્રાસી ગયા હોય ત્યાં પણ આ પ્રશ્ન

આવતો નથી.

- દીકરો મોંઢામાંથી કડવા વચન રૂપી તીરો છોડે અને મા-બાપનું હૈયું વીંધાઈ જતું હોય ત્યાં પણ આ પ્રશ્ન આવતો નથી.
- પૌત્ર અને પૌત્રી દ્વારા પણ તેઓ હડધૂત થતાં હોય ત્યાં પણ આ પ્રશ્ન આવતો નથી.

પણ... જો ભૂલે-ચૂકે કો'ક દીકરો દીક્ષા લેવાની વાત કરે તો ત્યાં જ આ પ્રશ્ન એનાં માથે મારવામાં આવે છે...

એક સર્વે કરવા જેવો છે.

"કેટલા મા-બાપને એવો વિશ્વાસ છે કે,
અમારો દીકરો ઘડપણમાં અમારી બધી જ કાળજી કરશે.
અમને બધી જ રીતે પ્રસન્ન રાખશે."

આ પ્રશ્નનો ૯૦-૯૫% મા-બાપ દ્વારા એવો જવાબ મળશે કે, 'અમે અમારી કાળજીની આશા તો છોડી જ દીધી છે. આટલાં વર્ષો નીકળ્યા છે તો અંતે ઘડપણનાં વર્ષો પણ અમે તો અમારી રીતે પૂરા કરી દઈશું. પણ એ એનાં પરિવાર (પત્ની-પુત્ર) સાથે પણ સંપીને રહેશે કે કેમ ? તે પણ બહુ મોટી ચિંતાનો વિષય છે.'

જ્યારે હકીકત આ જ છે તો પછી શા માટે તમે દીકરા પાસે સેવાની વાત કરીને એને સંયમમાં અંતરાય કરો છો ?'

શું આપનો સુપુત્ર પણ બીજાનાં દીકરાઓ જેવો ઝઘડાખોર ન પાક્યો એ એની ભૂલ ?

- એ વ્યસની ન પાક્યો એ એની ભૂલ ?
- એ વ્યભિચારી ન પાક્યો એ એની ભૂલ ?
- એ ઉદ્ધત ન પાક્યો એ એની ભૂલ ?
- એ પાગલ નથી એ એની ભૂલ ?
- એ અપંગ નથી એ એની ભૂલ ?

એણે એવી તો કઈ ભૂલ કરી કે જેનાં કારણે તમે એને આત્મકલ્યાણ કરવામાં પણ બાધક બની રહ્યા છો ?

પોતાનાં સ્વાર્થ માટે એક કુતરી પોતાનાં બચ્ચાને ખાઈ શકે, જિનશાસનને પામેલી શ્રાવિકા નહિ...

આગમ સૂત્ર શ્રી ભક્તપરિજ્ઞા તો ત્યાં સુધી કહે છે કે -

सव्वे वि य संबंधा पत्ता जीवेण सव्वजीवेहिं ।

तो मारंतो जीवे मारइ संबंधिणो सव्वे ॥ ( सूत्र-१२ )

આત્મન્ !

સમગ્ર સૃષ્ટિનાં બધાં જ જીવો સાથે તેં માતા-પિતા-ભાઈ-બહેન વગેરે બધાં જ સંબંધ બાંધી લીધાં છે. હવે જીવોને મારવા દ્વારા તું ખુદ તારા માતા-પિતા વગેરેને મારી રહ્યો છે.

માટે, માતા-પિતા માટે જેના હૃદયમાં ભક્તિભાવ હોય એણે તો વહેલામાં વહેલી તકે દીક્ષા લઈ લેવી જોઈએ.

- સંસારમાં રહીને રોજ સવારે જે પાણીથી સ્નાન કરવામાં આવે છે. એ અપ્કાયનાં જીવોમાં પૂર્વભવોનાં અસંખ્ય માતા-પિતા પૂર્વભવીય સંબંધને આશ્રયીને પોતાનાં જ દીકરાનાં હાથે મોતને ઘાટ ઉતરતાં હોય છે.
- ગેસ ચાલુ કરવામાં આવે એમાં અસંખ્ય માતા-પિતા દુઃખી થતા હોય છે અને મરતાં હોય છે.
- શાક સુધારાતું હોય, વઘારાતું હોય ત્યારે પણ માતા-પિતાની કતલ ચાલુ હોય છે.
- ઘરમાં કંઈક આરંભ-સમારંભ કરવા જાઓ ને એક-બેથી માંડીને અસંખ્ય-અનંત માતા-પિતાઓ મૃત્યુને ભેટતાં હોય છે.
- અસંખ્ય-અનંત ભાઈ-બહેનો પર ત્રાસ ગુજરતો હોય છે.
- અસંખ્ય-અનંત પતિ-પત્નીઓ હેરાન-પરેશાન થતાં હોય છે.
- અસંખ્ય-અનંત દીકરા-દીકરીઓની પોતાનાં જ હાથે હત્યા થતી હોય છે.

મા-બાપની સેવાનાં નામે દીકરાને દીક્ષા નહિ આપનારા મા-

બાપને ખબર નથી હોતી કે આ તમારો દીકરો સંસારમાં રોજ પોતાનાં અસંખ્ય - અનંત માતા-પિતા વગેરેની કતલ કરી રહ્યો છે. હા; એ જ માતા-પિતા કે જે માતા-પિતા એને ખૂબ જ વહાલસોયા હતા. વળી આ ભવમાં એ સંયમથી વંચિત રહેશે. એટલે ફરી અનંત ભવોમાં એ આ ભવનાં મા-બાપની પણ કતલ કર્યા વિના રહેવાનો નથી.

વાસ્તવિક્તા-તો એ છે કે -

સંયમ સ્વીકારનાર દીકરાને મા-બાપ પ્રત્યે નીતરતું વાત્સલ્ય છે. અને સંયમને ઈન્કારનાર વ્યક્તિને મા-બાપ પ્રત્યે ભારોભાર ક્રૂરતા છે. અને એ પણ માત્ર એક મા-બાપ પ્રત્યે નહિ. પણ અ...નં...ત... મા-બાપ પ્રત્યે...

વળી ષોડશક પ્રકરણમાં જણાવ્યું છે કે,

'માં' કોને કહેવાય ?

**तद्वृद्धिता च जननीति – हितस्विनी मा ।**

*જે સંતાનનાં હિતને જ ઈચ્છે,*

*જે સંતાનનાં હિત માટે જ પ્રયત્ન કરે.*

*જે સંતાનનાં હિતને જોઈ જોઈને રાજી થાય.*

*જે સંતાનનાં હિત ખાતર પોતાનું સર્વસ્વ ન્યોછાવર કરી દે તે છે મા.*

સાચી મા :...

- સાચી માતાને દીકરો C.A. બને અને લોકોનાં ચોપડાં ચોખ્ખા કરે, એમાં રસ ન હોય, પણ દીકરો કર્મનાં ચોપડાંને ચોખ્ખા કરે એમાં રસ હોય.
- સાચી માતાને દીકરો M.D., M.S. બને અને Operation દ્વારા શરીરની ગાંઠોને દૂર કરે, એમાં રસ ન હોય, પણ દીકરો આત્મા પર લાગેલાં કર્મોની દુર્ભેદ્ય ગાંઠોને સાધના દ્વારા દૂર કરી દે તેમાં રસ હોય.
- સાચી માતાને દીકરો ગણિતમાં expert બને એમાં રસ ન હોય, પણ દીકરો કર્મરાજનાં ગણિતને સમજી લે તેમાં રસ હોય.

- સાચી માતાને દીકરો રોજ ૧૦-૧૨ કલાક School - College ના થોથા ઉથલાવે એમાં રસ ન હોય પણ દીકરો ભગવાન મહાવીરનાં ૪૫ આગમોને ભણે એમાં રસ હોય.
- સાચી માતાને દીકરો Body-Builder બની જાય એમાં રસ ન હોય પણ દીકરો ક્ષમા-નમ્રતા-સરળતા વગેરે આત્મગુણોથી હૃષ્ટ-પુષ્ટ બને તેમાં રસ હોય.
- સાચી માતાને દીકરો પાણીમાં તરતાં શીખી જાય એમાં રસ ન હોય પણ દીકરો સંસાર-સાગરને તરતાં શીખે એમાં રસ હોય.
- સાચી માતાને દીકરો કરાટે-ચેમ્પિયન બની જાય એમાં રસ ન હોય પણ દીકરો કર્મ સાથેનાં યુદ્ધમાં નિર્ભય યોદ્ધા બની લડે એમાં રસ હોય.
- સાચી 'મા' આ બધામાં પોતાનાં સ્વાર્થને વચ્ચે ક્યાંય ન જ લાવે.

એક માતાને બે દીકરા હતાં... એકને દીક્ષા આપી બીજાને ઘરે રાખ્યો. એક દિ' ઘરે રહેલા દીકરાને મોટો Accident થયો. On the Spot ખેલ ખલાસ. એની Dead Body પર માથુ મુકીને 'મા' પોક મૂકીને રડે છે. કરુણ કલ્પાંત કરે છે. કેટલાંક આત્મીય (!) લોકોએ એમને કીધું, જુઓ ! તમે એક દીકરાને દીક્ષા ન આપી હોત તો આજે તે તમને કામ લાગત. એ બહેને તરત જ આંસુ લૂંછી લીધા. અને ગંભીર સ્વરે બોલ્યા, 'ના હું એટલે નથી રડતી. પણ હું એટલા માટે રડું છું કે જો મેં મારાં આ બીજા દીકરાને પણ દીક્ષા આપી હોત તો એનાં આત્માનું તો કલ્યાણ થાત. આમે'ય એ મારી પાસે પણ ક્યાં રહી શક્યો ?'

માતા બનો તો આવી માતા બનો. જે સંતાનનાં હિતની જ ઇચ્છા રાખે.

યાદ કરો એ <u>રુદ્રસોમા શ્રાવિકાને</u>, જેણે પોતાનાં દીકરા આર્યરક્ષિતને કીધું હતું કે, 'તું ચૌદ વિદ્યા ભણે એમાં મને આનંદ

નથી, પણ તું ચૌદ પૂર્વ ભણ તો હું ખુશ થાઉં.' અને એ દીકરાને મામા મ. સાહેબ તોસલિપુત્રાચાર્ય પાસે દીક્ષા અપાવી. એ દીકરા મ.સાહેબ યુગપ્રધાન આચાર્ય શ્રી આર્યરક્ષિતસૂરિ બન્યા.

યાદ કરો એ પાહિણી માતાને, જેણે પોતાના 'ચાંગા'ને જિનશાસનનાં ચરણે ધરી દીધો. જે કલિકાલસર્વજ્ઞ આચાર્ય શ્રી હેમચન્દ્રસૂરિજી બન્યા.

યાદ કરો એ દેવકી માતાને, જેણે પોતાનાં 'ગજસુકુમાલ'ને કહી દીધું હતું કે બેટા ! તારા ભવચક્રની છેલ્લી માતા બનવાનું સૌભાગ્ય મને આપજે. મારા પછી હવે બીજી 'મા' બનાવતો નહિ.

અને એ ગજસુકુમાલ સિદ્ધિગતિ પામી ગયા.

યાદ કરો એ 'અરણિક'ની માતાને દીકરો સંયમભ્રષ્ટ થયો તો માં ગાંડી બની ગઈ. દીકરા પાસે ફરી સંયમ લેવડાવ્યું. દીકરાનું શરીર કાળમીંઢ ધગધગતી શીલા પર મીણની જેમ પીગળી ગયું ત્યારે આ માતાની આંખમાં સંતોષનાં આંસુ હતાં. કેમ કે દીકરાએ આત્મકલ્યાણ સાધી લીધું હતું.

યાદ કરો એ સોભાગદે શ્રાવિકાને, જેણે પોતાનાં બે દીકરા પદ્મસિંહ અને જશવંત ને સંયમ અપાવ્યું હતું. જે માતાએ ગુરુ મ.સાહેબને કીધુ હતું કે, સાહેબજી ! આ મારા દીકરાઓ 'રત્ન' છે. જો એ ઘરે રહેશે તો માત્ર ઘર અજવાળશે પણ જો શાસનનાં ચરણે હશે તો સમગ્ર શાસનને અજવાળશે.

આ દીકરાઓએ ખરેખર જિનશાસનને અજવાળ્યું. આજે પણ એમનાં દ્વારા સર્જાયેલા ગ્રન્થો એ વાતની સાક્ષી પૂરી રહ્યા છે.

આવો ઝળહળતો માત્ર ઇતિહાસ જ છે એવું નથી. વર્તમાનમાં પણ જિનશાસનને સમજેલી એવી અનેક માતાઓ છે કે જે પોતાનાં બંને દીકરાઓને અથવા એકનાં એક દીકરાને અથવા પતિ સહિત પુત્રોને સંયમ વાટે વિહરવાની ઉલ્લાસભેર અનુમતિ આપે છે.

દરેક માતા-પિતા આ જ રીતે પોતાનાં સ્વાર્થને - રાગને

દફનાવી દઈને પોતાનાં શરણે આવેલા સંતાનને આત્મહિતનાં માર્ગે ક્યાંય અવરોધક ન બને એ જ એમનું સર્વોત્કૃષ્ટ કર્તવ્ય છે.

જે માતા-પિતાએ પોતાનાં વહાલસોયાને સંયમમાર્ગે વળાવ્યો હોય છે તેમને આખી જિંદગી અપૂર્વ સંતોષ, પૂર્ણ પ્રસન્નતા, સમાજમાં ગૌરવભર્યુ સ્થાન, શ્રી સંઘમાં સન્માન, આખી જિંદગી દીકરા મહારાજની આરાધનાની અઢળક અનુમોદના, એના દ્વારા સતત લખલૂટ કર્મનિર્જરા, એનાં દ્વારા નિશ્ચિત સદ્ગતિની પરંપરા અને એનાં દ્વારા સંસારમાંથી પોતાનો પણ શીઘ્ર નિસ્તાર અને અંતે શાશ્વત સુખની પ્રાપ્તિ થાય છે.

આથી તમે પણ આ સ્થાનને પામો તેવી ભાવના.

પરથી પરમ્‌ની
સ્વથી સોહમ્‌ની
અહંથી અર્હમ્‌ની
શુદ્ધિથી સિદ્ધિની યાત્રા
એટલે
સંયમ...

**પ્રશ્ન[illegible]ર** મહારાજ સાહેબ ! અમે સાંભળ્યું છે કે આપણાં ભગવાન મહાવીર સ્વામી જયારે ત્રિશલામાતાનાં ગર્ભમાં હતાં ત્યારથી એમણે અભિગ્રહ લીધો હતો કે, 'મારા માતા-પિતા જીવતા હશે ત્યાં સુધી હું દીક્ષા નહિ લઉં.' જો ભગવાન સ્વયં મા-બાપની સેવાને આટલું બધું મહત્ત્વ આપતા હોય તો પછી અમારા દીકરાએ પણ શું સમજવું ના જોઈએ ? અમે કયાં એને દીક્ષાની ના પાડીએ છીએ. અમારા પરલોકગમન પછી એને દીક્ષા લેવી હોય તો ભલે લે.

ઉત્તર : તમે જે સાંભળ્યું છે તે વાત ખોટી નથી. પણ પૂર્ણપણે સાચી પણ નથી.

જુઓ,

આપણાં ભગવાન માત્ર મહાવીરસ્વામી એક જ નથી...

પણ આપણાં ભગવાન તો ચોવીશ છે.

નજર કરો શત્રુંજય તીર્થાધિપતિ પ્રથમતીર્થંકર શ્રી ઋષભદેવ ભગવાનનાં ચરિત્ર પર,

મરુદેવા માતા-ભગવાન ઋષભદેવે દીક્ષા લીધી હોવાનાં કારણે જે કરુણ કલ્પાંત કરે છે, આક્રંદ કરે છે... કલિકાલસર્વજ્ઞ શ્રી હેમચંદ્રસૂરીશ્વરજી મ.સાહેબ એનું વર્ણન કરતાં જણાવે છે કે

तनुजविरहोद्भूतैरश्रान्तैरस्त्रवारिभिः

जातनीलिकया लुप्तलोचनाब्जां पितामहीम् ॥

(त्रिषष्टि-प्रथमपर्व-तृतीयसर्ग)

*પુત્રવિરહનાં શોકથી મરુદેવા માતા સતત રડી રહ્યા છે. આમ રડવામાં ને રડવામાં એક હજાર વર્ષ પસાર થઈ ગયા. આંખે પડળ બાઝી ગયા. એનાં કારણે આંખો બિડાઈ ગઈ. દેખાવાનું બંધ થઈ*

ગયું.

આગળ જુઓ,

ગિરનારમંડણ - બાલબ્રહ્મચારી શ્રી નેમિનાથ ભગવાનનાં ચરિત્રને... જેઓ જાન લઈને નીકળ્યા છે.

રાજીમતી સાથે લગ્ન કરવા...

અને... અડધે રસ્તેથી રથ પાછો વાળે છે,

શિવાદેવી માતા અને સમુદ્રવિજય પિતા પૂછે છે કે શા માટે તું લગ્ન કર્યા વિના પાછો જવા ઈચ્છે છે ?

ત્યારે નેમિકુમાર જવાબ આપે છે,

"જેમ આ પશુઓનો બંધનમાંથી છુટકારો કરાયો તેમ હવે હું પણ મારા આત્માને કર્મનાં બંધનમાંથી છોડાવવા માટે દીક્ષા ગ્રહણ કરીશ."

આ વખતે માતા-પિતા, કૃષ્ણ-બલરામ અને સર્વે યાદવોની જે હાલત થઈ હતી તેની નેમિનાથ ચારિત્રમાં નોંધ લેવાઈ છે.

तन्नेमिवचो निशम्य तौ द्वावपि शिवादेवीसमुद्रविजयौ मुमूर्च्छतुः ।

*નેમિકુમારનાં વચન સાંભળતાં જ શિવાદેવી અને સમુદ્રવિજયને માંથે જાણે આભ તૂટી પડ્યું.*

*મા-બાપ બંને ત્યાં ને ત્યાં જ બેભાન થઈ જાય છે.*

राम-केशवादयोऽन्येऽपि नेमेः प्रव्रज्यानिश्चयं ज्ञात्वा उच्चैः स्वरं रुरुदुः ।

*બલરામ અને કૃષ્ણ વાસુદેવ પણ મોટે-મોટેથી કરુણ કલ્પાંત કરે છે.*

सर्वे यदवश्च अश्रुपूर्णदृशो रुरुदुः ।

*બધા જ યાદવોની આંખો આંસુથી ભરાઈ ગઈ છે.*

नेमिकुञ्जरस्तु स्वजनस्नेहनिगडान् त्रोटयन् सारथिप्रेरितस्यन्दनः स्वगृहमगात् ।

*આવું બધું જ હોવા છતાંય નેમિકુમાર સ્વજનોની સ્નેહરૂપી સાંકળને તોડીને રથ પાછો વાળી દે છે.*

આમ, શ્રી ઋષભદેવ ભગવાન અને શ્રી નેમિનાથ ભગવાનનાં દૃષ્ટાન્તને લઈને તો માતા-પિતાનાં જીવતાં સુધી દીક્ષા ન જ લેવાય એ વાત ઊભી રહેતી જ નથી.

વળી, શાસનપતિ શ્રી મહાવીરસ્વામી ભગવાનનાં દૃષ્ટાન્તને આગળ કરીને જે આ વાત કરવામાં આવે છે તે પણ યોગ્ય નથી.

કારણ કે ભગવાન મહાવીરસ્વામી પહેલેથી જ ત્રણ જ્ઞાનનાં ધારક હતા. અને તેઓ એ જ્ઞાનનાં બળથી જાણતાં હતા કે,

**जइ पुण जीवंतेसुवि समणत्तणमहमहो पवज्जिस्सं ।**
**तो मम विरहेण धुवं एए जीयं चइस्संति ॥**

(महावीरचरियं-४-१५)

*'જો માતા-પિતા જીવતાં હશે ને હું દીક્ષાનો સ્વીકાર કરીશ તો મારા વિરહથી તેઓને ખૂબ મોટો આઘાત લાગશે અને તેનાથી તેઓનું નિશ્ચિતપણે મૃત્યુ થઈ જશે.'*

ભગવાન મહાવીર આ વાતને જ્ઞાન બળે જાણતાં હોવાથી માતા-પિતાનાં અકાળે મૃત્યુ થવામાં પોતે નિમિત્ત ન બને માટે ભગવાને આ અભિગ્રહ કર્યો હતો.

હાલ, આપણી પાસે આવું કોઈ દિવ્યજ્ઞાન ન હોવાથી ભગવાન મહાવીરસ્વામીનું દૃષ્ટાન્ત લેવું તે પણ આપણા માટે ઉચિત નથી.

વળી ઋષભદેવનાં વિરહમાં રડનારા મરુદેવા માતા એ જ ભવમાં કેવલજ્ઞાન અને મોક્ષ પામી ગયા. અને નેમિનાથ ભગવાનનાં વિરહમાં બેભાન થઈ જનારા શિવાદેવી અને સમુદ્રવિજય વૈમાનિક દેવલોકને પામ્યા.

આ પરથી પણ સ્પષ્ટપણે એવું સમજી શકાય છે કે માતા-પિતાને છોડીને દીક્ષા લેનારા ભગવાન તો અનંત સુખને પામ્યા જ પણ સાથે સાથે તેમનાં માતા-પિતા પણ ઉચ્ચગતિને પામ્યા. ભગવાને

દીક્ષા લીધી તો માતા-પિતાને પણ તેઓ સાચા અર્થમાં સુખી કરી શક્યા.

આમ, ભગવાન મહાવીરસ્વામીનાં દૃષ્ટાન્તને લઈને પણ મુમુક્ષુ આત્માને સંયમ સ્વીકારવામાં વિલંબ કરાવવા જેવો નથી જ. આમાં જ મુમુક્ષુનું અને એનાં માતા-પિતાનું સાચું હિત રહેલું છે.

જ્યાં મંઝિલ નિશ્ચિત નથી,
જ્યાં સ્થાનમર્યાદા નથી,
જ્યાં કાળ-ઔચિત્ય નથી.
જ્યાં આચાર-શુદ્ધિ નથી,
જ્યાં ભોજન-વિવેક નથી,
જ્યાં કેન્દ્રમાં પ્રભુ નથી,
એટલે સંસાર...
પણ
જ્યાં મોક્ષ એ મંઝિલ છે,
જ્યાં તીર્થ એ સ્થાન છે,
જ્યાં પળેપળની સાવધાની છે,
જ્યાં પંચાચારની શુદ્ધિ છે,
જ્યાં તપ-ત્યાગની ભાવના છે,
જ્યાં કેન્દ્રમાં પ્રભુભક્તિ છે,
એટલે સંયમ...

**પ્રશ્ન[illegible]૩** **સંસારમાં રહીને ધર્મ ક્યાં નથી થતો. અહીં રહીને એને જે આરાધના કરવી હોય તે ભલે કરે. અમારી એમાં એને જરાય ના નથી.**

ઉત્તર : સંસાર અને ધર્મ આ બંને વચ્ચે છત્રીસનો આંકડો છે. એક ઉત્તરધ્રુવ છે તો બીજો દક્ષિણધ્રુવ.

સંસાર એ દાવાનળ છે. એમાં રાગ-દ્વેષની આગ સિવાય કશું જ નથી.

સંસાર એ કતલખાનું છે. કાં તો મારો અથવા મરો. આ સિવાય અહીં ત્રીજો વિકલ્પ જ નથી.

એક-એક પાપ અનંત દુઃખને ખેંચી લાવવાની તાકાત ધરાવે છે. આ સંસાર અઢારે-અઢાર પાપસ્થાનકથી ખદબદી રહ્યો છે.

જીવોને માર્યા વિના, કાપ્યા વિના, છુંદ્યા વિના, દળ્યા વિના, ચૂંથ્યા વિના, કચડ્યા વિના, વઘાર્યા વિના, શેક્યા વિના, બાળ્યા વિના, ત્રાસ આપ્યા વિના સંસાર ચાલી શકતો જ નથી.

નાના-મોટા જૂઠ બોલ્યા વિના અહીં જીવી શકાતું નથી. મનથી પણ અબ્રહ્મ ન સેવવું એ અહીં લોઢાનાં ચણા ચાવવા જેવું છે.

આસક્તિ આખા સંસાર પર માઝા મૂકીને ફરી વળી છે. રાગ-દ્વેષનાં તોફાનો અહીં સતત ચાલું જ છે.

કજીયા-કંકાસ-કલેશથી મુક્ત એક પરિવાર પણ રહી શક્યો નથી. ક્રોધ જાણે રાજરોગ બની ચૂક્યો છે.

માયા-દંભ-કપટ એ તો જાણે 'કળા' તરીકે ગણાઈ રહ્યા છે.

અહંકારનો અજગર જ્યાં - ત્યાં પોતાનાં ફૂંફાડા મારી રહ્યો છે. આસ્તિક્તા અંતિમ શ્વાસ લઈ રહી છે.

આવા સંસારમાં રહીને 'ધર્મ' કરવાની આશા રાખવી એ મૂર્ખાઈ છે.

**સંસાર એ ગંધાતી ગટર છે.**

**લોકો દ્વારા કરાતો થોડો-ઘણો ધર્મ એ અત્તરનું ટીપું છે.**

પણ આ ગટર એ ટીપાંને ક્યાંય ઘોળીને પી જાય છે.

જરા વિચારો.

સંસારમાં રહીને તમે ધર્મ કેટલો કરી શકવાનાં ?

સંસારમાં રહીને તમે ધર્મ કેવો કરી શકવાનાં ?

પ્રાયઃ રોજ ૨૨-કલાક રાચી-માચીને કરાતાં પાપો અને માંડ ૨-કલાક માટે કરાતો અવિધિ-આશાતનાથી ભરેલો ધર્મ.

આવો ધર્મ આત્માને પાપમુક્ત-કર્મમુક્ત કેવી રીતે કરે ? આ ગટરની અંદર અત્તર સાચવવું શક્ય જ નથી. શક્ય એટલું જ છે કે તમે ગટરમાંથી બહાર નીકળી જાઓ.

શુદ્ધ અને પૂર્ણ ધર્મારાધના સંયમજીવન સિવાય શક્ય જ નથી. વળી શ્રી મહાનિશીથ સૂત્ર તો ત્યાં સુધી કહે છે કે –

**जो कारवेज्ज जिणहरे, तओ वि तवसंजमो अणंतगुणो ।**

*સુવર્ણનાં જિનાલયોથી પૃથ્વીને શણગારી દો તેનાથી પણ સંયમજીવનની આરાધના અનંતગણી ચઢી જાય છે.*

જે ચારિત્રને મેળવવા સમકિતી દેવો ઝુરી રહ્યા છે. તરફડી રહ્યા છે. છતાંય મેળવી શકતાં નથી. એવું દુર્લભ ચારિત્ર લેવા જો આપનો લાડકવાયો થનગનતો હોય તો તમારે એને સહર્ષ અનુમતિ અને આશીર્વાદ આપવા જ રહ્યા.

બાકી સંસારમાં રહીને કરાતો ધર્મ એ તો મેરુ જેટલા પાપોની સામે રેતીનાં એક કણ સમાન છે. જેની કાંઈ ઝાઝી કિંમત નથી.

> સંયમ,
> એક એવું જલ-જહાજ છે.
> કે જે તેનો આશ્રય લેનારને
> ભવસમુદ્રનાં કિનારે પહોંચાડે છે.

**પ્રશ્નબાબ** હજી એ નાનો છે. એ શું છોડી રહ્યો છે એનું જ એને જ્ઞાન નથી. સમજણ જ ન હોય તેને દીક્ષાની રજા કેવી રીતે અપાય ?

ઉત્તર : દીક્ષા લેવાની ભાવનાવાળાને (વિશેષથી બાળકને) મહાત્મા સંયમજીવન અંગે પૂરતી સમજણ તથા ઉચિત ટ્રેનિંગ આપે છે. અને તેથી દીક્ષા લેવાને ઈચ્છતાં બાળકને બરાબર ખ્યાલ હોય જ છે કે, દીક્ષા ગ્રહણ કર્યા બાદ મારે વર્ષમાં બે વાર લોચ કરાવવાનો રહેશે.

પગે ચાલીને વિહાર કરવાનો રહેશે.

A.C. - પંખાનો આજીવન ત્યાગ કરવાનો છે.

Cold Drinks & Ice-Cream - સદંતર છોડી દેવાનાં છે.

T.V. - જરા પણ જોવાનું નથી.

Mobile - નો ઉપયોગ કરવાનો નથી.

મમ્મી-પપ્પાને છોડીને ઉપાશ્રયમાં રહેવાનું છે.

ગરમી-ઠંડી-મચ્છરને સહન કરવાનાં છે.

રાત્રે પાણીનું એક ટીપું સુદ્ધાં પીવાનું નથી.

ગુરુભગવંત જે આપે તે જ ગોચરી વાપરવાની છે.

પૂર્ણપણે ગુરુની આજ્ઞાને સમર્પિત રહેવાનું છે.

કોઈ પણ વિજાતીયનો સ્પર્શ સુદ્ધાં કરવાનો નથી.

રોજ બે time પ્રતિક્રમણ - પડિલેહણ કરવાનાં છે.

સ્નાન કરવાનું નથી.

કપડાં રોજ ધોયેલા મળવાનાં નથી.

મનભાવતાં બજારનાં બિસ્કીટ્સ અને ચોકલેટ્સ ખાવાનાં નથી.

આમાંની એક પણ બાબત જેનાથી અજાણ નથી છતાંય એ

બાળક માટે 'એ શું છોડે છે એનું એને જ્ઞાન નથી.' આવું કહેવું એને પૂર્વગ્રહ સિવાય બીજું શું કહેવાય ?

આશ્ચર્ય તો એ વાતનું છે કે બાળકને જાતીય શિક્ષણનાં નામે નર્યો ગંદવાડ પીરસવા ઉત્સુક બનનારાઓની સામે જ્યારે વિરોધ પ્રદર્શિત કરાય છે ત્યારે તે લોકોનો તર્ક હોય છે કે, 'ભાઈ ! હવે તો છોકરાઓ આઠ ને દશ વર્ષની ઉંમરથી જ ઘણાં મેચ્યોર્ડ થઈ ગયા હોય છે. તેમને બધી ખબર પડવા લાગે છે. આજના ટાબરિયાને હવે નાના ન કહી શકાય.'

**જાતીય શિક્ષણ આપવું હોય ત્યારે જેમને આજનો બાળક પણ પુખ્ત જેવો લાગવા માંડે છે એ લોકો દીક્ષા ગ્રહણ કરતાં બાળકને અણસમજું કઈ રીતે કહે છે ?**

એક વાત ખાસ ધ્યાન રાખવા જેવી છે કે દીક્ષા લેવા માટે ઉંમર કરતાં વધુ જરૂરી વૈરાગ્ય છે. અને આ વૈરાગ્ય ઘણા ઘણા ઘણા લોકોને મોટા થઈ, લગ્ન કરી સંસાર ભોગવ્યા પછી પણ નથી થતો તેનું શું કારણ ? તેનો જવાબ આપી શકશો ?

આજ સુધી ખૂબ ભમ્યો છું...
ખૂબ ભટક્યો છું...
હવે માણવો છે તારો માર્ગ.
અને
કરવી છે
આનંદયાત્રા...

**પ્રશ્ન-૫** **નાની ઉંમરે દીક્ષા લીધા બાદ પાછળથી તેને ન ફાવે તો શું ? જીવનભરની પ્રતિજ્ઞા લઈને પાછળથી પસ્તાવો થાય એનાં કરતાં મોટી ઉંમરે જ નિર્ણય લે તો એમાં ખોટું શું છે ?**

ઉત્તર : આ પ્રશ્ન તો સંસારમાં પણ ક્યાં નથી આવવાનો. જે આ રીતનું જ નેગેટીવ વિચાર્યા કરે એ તો લગ્ન પણ નહિ કરી શકે. આજે આ છોકરી સારી લાગે છે પણ પાછળથી નહિ ફાવે તો ?

છોકરી જો એમ વિચારે કે, આજે તો આ ઘર સારું લાગે છે પણ લગ્ન પછી ત્યાં નહિ ફાવે તો ?

ધંધો કરવા જનાર એવું વિચારે કે, જોઈએ એટલી કમાણી નહિ થાય તો ? નુકશાની જશે તો ? દેવાળું નીકળી જશે તો ?

એટલે પાછળથી પસ્તાવાની લાગણી અનુભવવાની શક્યતા તો સંસારમાં પણ ક્યાં નથી.

વળી, કોઈ પણ નિર્ણયમાં માત્ર 'ઉંમર' વિચારવાની હોતી નથી. અન્ય પરિબળો પણ ચકાસવાનાં હોય છે.

એકવીસ અને અઢાર વર્ષની લઘુત્તમ વય લગ્ન માટે નક્કી થયેલ છે. પુખ્ત વયે નિર્ણય લઈને કરાતાં લગ્નમાં નિષ્ફળતાનો દર કેટલો છે ? લગ્ન બાદ પસ્તાવાની લાગણી અનુભવનારાની ટકાવારી કેટલી છે ?

સગાઈ તૂટવી એ તો જાણે બહુ સહજ ઘટના બની ગઈ છે. નિર્ણય પુખ્ત વયે થાય છે. જીવનભરનાં કમિટમેન્ટ્સ આ નિર્ણયમાં પણ સમાયેલા છે. તેમ છતાં આજે લગ્નભંગ એ વ્યાપક સામાજિક દુર્ઘટના બની ગઈ છે.

શું નિર્ણય લેવા માટે એકવીસ વર્ષની ઉંમર પણ નાની ગણશો ?

C.A. એ એન્જિનીયરિંગ કોર્સ કરવાનો નિર્ણય લઈ લીધા પછી કોર્સ લાંબો કે કઠિન લાગવાથી પસ્તાવાની લાગણી કેટલાય

સ્ટુડન્ટસને થાય છે. શું નિર્ણય લેવા આ ઉંમરને પણ નાની ગણશો ?

દીકરા-દીકરીને દસ-બાર વર્ષની ઉંમરે સ્વતંત્ર મોબાઈલ અપાવી દીધા પછી તે ખોટું થઈ ગયું હોય તેવી લાગણી કેટલાય મા-બાપને થાય છે. શું નિર્ણય લેવા માટે તે માતા-પિતાની ઉંમરને પણ નાની ગણશો ?

આ બધાની સામે દીક્ષિત થનાર કે દીક્ષા આપનાર વાલીને આવી પસ્તાવાની લાગણી થતી નથી. માટે નાની ઉંમરે દીક્ષિત થનાર અંગે આ પ્રશ્ન રહેતો નથી.

સંતપ્તતામાં પણ શીતળતાની અનુભૂતિ કરે
એનું નામ સાધુ.
પ્રતિકૂળતામાં પણ જેની પ્રસન્નતાને
આંચ ન આવે એનું નામ સાધુ.
'પધારો' અને 'જતાં રહો' આ બંને
જેને ભાષાવર્ગણા રૂપે સમાન ભાસે
એનું નામ સાધુ.
અસ્તિત્ત્વનો પ્રત્યેક પ્રદેશ ઉપદેશ બને
એનું નામ સાધુ.
સદૈવ સમભાવમાં લીન રહે
એનું નામ સાધુ.

**પ્રશ્ન [illegible] ૬ સંસારમાં કમાવવું ન પડે માટે સાધુ બનીને બેસી જવું છે. મફતમાં ખાવા-પીવાનું અને આખો દિવસ નવરાધૂપ રહેવાનું.**

ઉત્તર : સાવ જ હાસ્યાસ્પદ આ વાત છે.

જો કમાવવું ન પડે એ માટે સાધુ બનાતું હોત તો તો આજે દુનિયાભરમાં જે કોઈ ભિખારી છે, જે કોઈ બેકાર છે, જે કોઈ અભણ કે Unskilled છે તે બધા સાધુ બની ગયા હોત. પણ એવું તો છે નહિ.

વળી જે ખૂબ ભણેલાં-ગણેલાં છે, જે ધનાઢ્ય પરિવારમાં છે. જે ખૂબ-ખૂબ Income ધરાવે છે, જેઓ અદ્ભુત Skill વાળા છે. જેઓ પોતે અનેક વ્યક્તિઓને મફતમાં આજીવન ખવડાવી-પીવડાવી શકે તેવા છે એવા કોઈજ વ્યક્તિઓએ દીક્ષા લીધેલ ન હોવી જોઈએ. પણ એવુંય નથી.

રહી વાત આખો દિવસ નવરાધૂપ રહેવાની.

તો જે વ્યક્તિએ સાધુ-સાધ્વીનાં જીવનને નજીકથી જાણ્યા નથી, માણ્યા નથી. એ વ્યક્તિએ આ બાબતમાં પોતાનો અભિપ્રાય આપવાની કોઈ જરૂર નથી.

પહેલા બાળ સાધુ-સાધ્વીથી માંડીને વયોવૃદ્ધ સાધુ-સાધ્વીની આરાધનાને જાણી લો. તમારા બધાં જ ભ્રમ ભાંગીને ભુક્કા થઈ જશે. તેઓની અપ્રમત્તસાધના તમારી આંખો પહોળી કરી દેશે. તમારા મગજને તરબતર કરી દેશે. તમારાં હૈયાને ભીનું-ભીનું કરી દેશે. તમારું મસ્તક અહોભાવથી ઝુકી જશે.

સદૈવ તમે એમને કલિકાલનાં જીવંત પરમાત્મા રૂપે જોતાં થઈ જશો. આનાં માટે વાંચો Book - વિશ્વની આધ્યાત્મિક અજાયબી ભાગ-૧,૨,૩,૪.

બાકી શ્રી ષોડશક ગ્રંથમાં પૂ. હરિભદ્રસૂરિ મ. જણાવે છે કે,

लेशतोऽपि विहितानुष्ठानाऽनादरस्य दुरन्तसंसारहेतुत्वात् ।

*વીતરાગ - સર્વજ્ઞ ભગવંતે બતાવેલા માર્ગનો અપલાપ કરવો એ પોતાનાં અનંત જન્મ-મરણને આમંત્રણ આપવાનો માર્ગ છે. આવી આકરી સજાપાત્ર તમે ન બનો તે માટે ખૂબ સાવધાન બની જાઓ.*

કર્મશત્રુઓની સામે અદ્ભુત શૂરવીરતાં
દેખાડનાર ગજરાજ એટલે **સંયમ...**
ઉપસર્ગો અને પરીષહોને જીતનાર કેશરી
એટલે **સંયમ...**
શરણાગતને પરમ શીતળતા આપનાર ચન્દ્ર
એટલે **સંયમ...**
ઉગ્રતપનાં તેજથી દીપનાર સૂર્ય એટલે **સંયમ...**
મોહ-માયાનાં બંધન તોડી મુક્ત ઉડાન ભરતું
પંખી એટલે **સંયમ...**
બધાનું બધું જ સહી લેનાર પૃથ્વી એટલે **સંયમ...**
કોઈની પણ વાતોને પોતાનામાં સમાવી લેનાર
સાગર એટલે **સંયમ...**
રાગ-દ્વેષનાં લેપથી અલિપ્ત કમળ
એટલે **સંયમ...**

**પ્રશ્નક્રમાંક ૭ મોક્ષ મેળવવા દીક્ષા લેવાની છે. પણ ગમે-તેટલી સાધના કરો તો'ય આ ભવે તો મોક્ષ થવાનો નથી જ. માટે આ ભવમાં દીક્ષા લઈને શું કામ છે ?**

ઉત્તર : 'મોક્ષ' એ તો દીક્ષાનું અંતિમ લક્ષ્ય છે.

જે પ્રાયઃ અમુકભવોની સાધના બાદ મળતો હોય છે સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ચારિત્ર એ મોક્ષપ્રાપ્તિનો માર્ગ છે.

આ ત્રણનો પ્રકર્ષ એ મોક્ષ આપશે. પણ આ ત્રણેયની આરાધનાની શરૂઆત તો આ ભવમાં કરવી જ પડશે. આ ભવમાં જેટલો માર્ગ કપાશે, આવતાં ભવમાં ત્યાંથી મોક્ષમાર્ગે આગળ વધવાનું રહેશે. જો આ ભવમાં શરૂઆત જ નહિ કરીએ તો યાત્રા શરૂ જ નહિ થાય.

વ્યવહારિક જગતમાં પણ દરેક કાર્યો કાંઈ તત્કાલ ફળતાં નથી હોતા. તેનાં માટે પણ ચોક્કસ મિનિટ, કલાક, દિવસ, વર્ષોની જરૂરિયાત હોય છે.

જેમ કો'ક બાળકને C.A. બનવું હોય. એનાં લક્ષ્યથી એ 10th કે 12th માં ખૂબ મહેનત કરતો હોય તો એને એવું ન કહેવાય કે 'તું ગમે તેટલી મહેનત કર, છતાંય આ વર્ષે તો તું C.A. બની શકવાનો જ નથી. માટે જે વર્ષે C.A. બની શકાતું હોય ત્યારે જ મહેનત કરજે.'

આવું તે માટે ન કહેવાય કેમ કે આપણે સહુ જાણીએ છીએ કે ભલે આ વર્ષે C.A. ન બનાય. પણ <u>જ્યારે પણ C.A. બનવું હશે ત્યારે આ Process માંથી પસાર થવું જ પડશે. એનાં વિના Direct C.A. બની શકાય એવું કોઈ વર્ષ આવવાનું પણ નથી જ.</u> માટે જેમ C.A. બનવા ઈચ્છતો વ્યક્તિ એ જ વર્ષે C.A. નહિ જ બની શકવાનું નક્કી હોવા છતાં 10th કે 12th માં મહેનત કરે જ છે. તેવી જ રીતે મોક્ષ મેળવવા ઈચ્છતો મુમુક્ષુ આ ભવમાં મોક્ષ નહિ જ મેળવી શકવાનું

નક્કી હોવા છતાં પણ સંયમ સ્વીકારીને સાધના કરવા ઝંખે જ. કેમ કે જેમ C.A. બનવું એ કેટલાંક વર્ષોની મહેનતથી સાધ્ય છે તેમ મોક્ષ મેળવવો એ પ્રાયઃ કેટલાંક ભવોની સાધનાથી સાધ્ય છે.

આર્થા મોક્ષનાં લક્ષ્યથી સાધનામાર્ગે આગળ વધવા આ ભવમાં દીક્ષા લેવી જરૂરી જ છે. ભલેને પછી આ ભવે મોક્ષ ન થવાનો હોય...

આંતરિકશત્રુઓથી રક્ષા કરનારાં
રાજા છે સદ્‌ગુરુ...
આંતરિકદોષોની ચિકિત્સા કરનારાં
વૈદ્ય છે સદ્‌ગુરુ...
જીવનનાં ઘાટને ઘડનારાં
કુંભાર છે સદ્‌ગુરુ...
જીવનમાં જ્ઞાનનો પ્રકાશ પાથરનારાં
સૂરજ છે સદ્‌ગુરુ...
પ્રતિકૂળતામાં સાચું માર્ગદર્શન આપનારાં
ધ્રુવનાં તારાં છે સદ્‌ગુરુ...
સદા વાત્સલ્યની છાયા પ્રદાન કરનારાં
વટવૃક્ષ છે સદ્‌ગુરુ...
પરમાત્મા સાથે મિલન કરાવી આપનાર
સેતુ છે સદ્‌ગુરુ...
સદ્‌ગુણોને જીવંત રાખનાર
પ્રાણવાયુ છે સદ્‌ગુરુ...
મલિન વિચારોને બાળી નાંખનાર
અગ્નિ છે સદ્‌ગુરુ...
પ્રભુનાં વચનોને પ્રતિબિંબિત કરનાર
દર્પણ છે સદ્‌ગુરુ...

**પ્રશ્નસંવાદ** 'દીક્ષા લઈને આત્મકલ્યાણ કરી લેવું' આ તો સ્વાર્થભાવના કહેવાય. એનાં કરતાં સંસારમાં રહીને સમાજસેવા, વિશ્વહિતની કોઈ પ્રવૃત્તિ કરવી એ વધુ સારું છે. આ રીતે સેવાકાર્ય દ્વારા પણ આત્મકલ્યાણ કરી જ શકાય છે ને ?...

ઉત્તર : પ્રધાનતાએ આત્મકલ્યાણનાં લક્ષ્યથી સંયમ સ્વીકારનારા શ્રમણ-શ્રમણી ભગવંતો દ્વારા અનાયાસે ખૂબ મોટો વિશ્વોપકાર સતત થતો જ રહે છે.

શ્રી ષોડશક પ્રકરણમાં પૂ. હરિભદ્રસૂરિ મ.સાહેબ જણાવે છે કે,

**विहितानुष्ठानपरस्य विशुद्धमनोवाक्‌काययोगस्य यतेः**
**भिक्षाटनादिसर्वं परार्थकरणम् ॥**

*જિનાજ્ઞા મુજબ જીવન જીવતાં શ્રમણ-શ્રમણીની પ્રત્યેક ક્રિયામાં પ્રત્યેક પ્રવૃત્તિમાં પરોપકાર વણાયેલો જ હોય છે.*

ચાલો, સારામાં સારા કહેવાતા સમાજસેવકની સાથે તુલના કરીને આને સમજવાનો પ્રયાસ કરીએ.

● શું તમે એવો કોઈ સમાજસેવક જોયો છે ? જેને કપાતા જંગલોને જોઈને સંકલ્પ કર્યો હોય કે 'હું જીવનમાં ક્યારેય પણ વનસ્પતિનું એક પાંદડું સુદ્ધાં નહિ તોડું.'

● શું તમે એવો કોઈ સમાજસેવક જોયો છે ? જેને નાશ પામતાં ખનીજતત્ત્વોને જોઈને સંકલ્પ કર્યો હોય કે 'હું જીવનમાં ક્યારેય વાહનનો ઉપયોગ નહિ કરું.'

● શું તમે એવો કોઈ સમાજસેવક જોયો છે ? કે જેને ગ્લોબલવોર્મિંગની ચિંતાને લઈને આજીવન Electricityના ઉપયોગનો ત્યાગ કરી દીધો હોય.

શું તમે એવો કોઈ સમાજસેવક જોયો છે ? જેને પીવાલાયક

મીઠાં પાણીનાં સ્રોત ઘટી રહ્યા હોવાની ચિંતાને કારણે આજીવન માટે રોજ વધુમાં વધુ ૫-૬ લિટર પાણી દ્વારા ૨૪ કલાક પસાર કરી લેવાનો સંકલ્પ કર્યો હોય.

શું તમે એવો કોઈ સમાજસેવક જોયો છે ? જેને ભિખારી અને ગરીબોનાં ભુખને કારણે ઊંડા ઉતરી ગયેલા પેટને જોઈને એટલો સંકલ્પ કર્યો હોય કે 'હું ક્યારેય પણ મારી થાળીમાં લીધેલ ભોજનનાં એક દાણાંને પણ એંઠો નહિ મૂકું.' થાળી જમવા માટે જેવી લીધી હતી, જમ્યા બાદ તેવી જ Clean કરીને મૂકીશ.

શું તમે એવો કોઈ સમાજસેવક જોયો છે ? જેણે કતલખાનાં અને Animal Export દ્વારા થતી મહાહિંસાને જોઈને નાનામાં નાની કીડી જેવો જીવ પણ પોતાનાથી ન મરે એની કાળજી લેવાનું શરૂ કરી દીધું હોય.

શું તમે એવો કોઈ સમાજસેવક જોયો છે ? કે જે બળાત્કારની ભોગ બનેલ વ્યક્તિને જોઈને આજીવન પોતે વિજાતીયનો સ્પર્શ સુદ્ધાં ન કરવાની પ્રતિજ્ઞા લઈ ચૂક્યો હોય.

શું તમે એવો કોઈ સમાજસેવક જોયો છે ? કે જેને ચીંથરેહાલ વસ્ત્રવાળાં ગરીબનાં બાળકને જોઈને આજીવન માટે એક જ કલરનાં એક જ પ્રકારનાં સાવ સાદા કપડાને સ્વીકારી લીધા હોય.

● શું તમે એવો કોઈ સમાજસેવક જોયો છે ? કે જેણે ઉનાળાની ધગધગતી ગરમીમાં છાપરાં નીચે શેકાતા ગરીબ પરિવારને જોઈને આજીવન પંખા-A.C.-કુલરનો ત્યાગ કરી દીધો હોય.

શું તમે એવો કોઈ સમાજસેવક જોયો છે ? કે જેણે સૌંદર્યપ્રસાધનોની બનાવટમાં થતી મહાહિંસાને લઈને આજીવન કોસ્મેટીક વસ્તુઓનાં વપરાશની સાથે-સાથે માંથાના વાળ ઓળવા સુદ્ધાંનો ત્યાગ કરી દીધો હોય.

કહેવાતા એવા સમાજસેવકોનાં જીવન પર નજર કરી જુઓ. એકેયમાં આ તમામ બાબતો જોવા નહિ મળે. પણ ઉપરોક્ત તમામ

બાબતો પ્રત્યેક શ્રમણ-શ્રમણી ભગવંતના જીવનમાં જોવા મળશે. ભલેને પછી આ ત્યાગ સહજ રીતે શ્રમણાચારને આધારે કરાયો હોય...

સૂટ-બૂટ અને ટાઈને છોડનારા ગાંધીજીને જો 'રાષ્ટ્રપિતા' તરીકેનું બિરૂદ અપાતું હોય તો ઉપરોક્ત તમામ બાબતોને આજીવન છોડનારા પ્રત્યેક શ્રમણ - શ્રમણી ભગવંતને વિશ્વપિતા કે ત્રિલોકપિતા કેમ ન કહેવાય ???

માત્ર સમાજસેવા સંબંધી કેટલાંક કાર્યો કરતાં રહેવા અને સાથે-સાથે પોતાનાં જીવન દ્વારા જ ઓછા-વત્તા અંશે સમાજ-વિશ્વને નુકશાન કરતાં રહેવું એના કરતાં પહેલા પોતાનાં જીવનને સુધારી લેવું. પોતાનાં દ્વારા સમાજ, રાષ્ટ્ર, વિશ્વને બિલકુલ નુકસાન ન જ પહોંચાડવું અને ત્યારબાદ શક્તિ મુજબ સમાજસેવા કરવી તે જ યોગ્ય છે.

શ્રમણ-શ્રમણી ભગવંતો સમાજ-વિશ્વને નુકશાનકારક પ્રવૃત્તિ બિલકુલ કરતાં નથી. એની સાથે સાથે સમાજ-વિશ્વ પર સવિશેષ ઉપકાર પણ કરતાં રહે છે.

એક અંદાજ મુજબ રોજ ઓછામાં ઓછા એક હજાર સ્થળોમાં શ્રમણ-શ્રમણી ભગવંતનાં પ્રવચનો ચાલતાં હશે. જેના માધ્યમથી સાંભળનારા હજારો-લાખો લોકોના જીવનમાં ગુણવિકાસ અને જ્ઞાનવૃદ્ધિ થતી હોય છે.

પગે ચાલીને વિહાર કરવાનાં કારણે સાધુ-સાધ્વીજી અંતરિયાળ ગામો સુધી પહોંચી શકે છે તેથી ગામોને પણ આ લાભ મળે છે.

સાધુ-સાધ્વીજીનાં ઉપદેશથી હજારો નબળા પરિવારોને પોષણ મળી રહે તેવી વ્યવસ્થા જૈન સંઘો, શ્રેષ્ઠીઓ અને ફાઉન્ડેશનો દ્વારા ઘણાં સ્થળોમાં ચાલતી રહે છે. કરોડોનો સદ્વ્યય દર વર્ષે આ રીતે સાધુ-સાધ્વીજીની પ્રેરણા - માર્ગદર્શનથી થતો રહે છે.

સાધુ-સાધ્વીજીનાં ઉપદેશથી લોકો કરુણા-દયા વગેરે ભાવોથી ભાવિત બને છે. અને પછી તેમનાં દ્વારા અબોલ

પશુઓના ઘાસચારા, ગરીબોની દયા, અનેકસ્થાને ચાલતા ગરીબો માટેના ખીચડીઘરો, સદાવ્રતો, છાશકેન્દ્રો દ્વારા રોજનાં હજારોને હાશકારો મળે છે.

કુદરતી આફતો વગેરે પ્રસંગોમાં પણ મહાત્માનું સમયોચિત માર્ગદર્શન ગજબનાં કાર્યોનું બીજ બને છે.

આજે સેંકડો હજારો પ્રાચીન શાસ્ત્રગ્રંથો અને સંસ્કૃત-પ્રાકૃતભાષા પણ જો ટકી શક્યા હોય તો તે જૈન શ્રમણ-શ્રમણીને આભારી છે.

શ્રમણ-શ્રમણી હોસ્પિટલમાં જઈને bed to bed સર્વિસ નથી આપતાં. પરંતુ આહારસંયમ અને વ્યસનરહિત સંયમિતજીવનનાં ઉપદેશથી લોકોને એવી સ્થિતિમાં લાવી મૂકે છે કે Hospital માં જવાનાં કારણો જ ઉભા ન થાય.

શ્રમણ-શ્રમણીઓનું સદાચાર અનો સજ્જનતાનાં ઉપદેશ દ્વારા અનેકોનાં જીવનમાંથી ગુન્હા અને મનમાંથી ગુન્હાખોરીને નિર્મૂળ કરવાનું કાર્ય, ગુન્હેગારોને પકડનારા પોલીસોનાં કાર્ય કરતાં ઘણું ઊંચુ કહેવાય.

કોઈ વૃદ્ધાશ્રમ ઊભુ કરનાર કરતાં વૃદ્ધો અને વડીલોની સેવા-ઔચિત્યનો ઉપદેશ આપીને સરવાળે પાંચ-દશ વૃદ્ધાશ્રમો ખૂલવાની શક્યતા જ અટકાવી દેનારા શ્રમણ-શ્રમણીઓ ઘણાં ઊંચા કહેવાય.

શ્રમણ-શ્રમણી ભગવંતોનાં મૈત્રીભાવ અને ક્ષમાપનાનાં અસરકારી ઉપદેશો થકી કેટલાયનાં જીવનમાં રહેલા સંઘર્ષો વિદાય લે છે. ભારતની દરેક કોર્ટમાં હજારો, લાખો Cases પેન્ડિંગ પડ્યા હોય ત્યારે તે કેસ લડનારા વકીલ કરતાં નવા કેસ ઊભા થતાં અટકાવી દેનારાનો ઉપકાર ઘણો ઊંચો ગણાય.

આમ, મધ્યસ્થતાથી વિચારતાં એ નિશ્ચિતરૂપે જણાય છે કે શ્રેષ્ઠ સમાજસેવા અને શ્રેષ્ઠ વિશ્વહિત કરવા માટે પણ સાધુજીવન જ શ્રેષ્ઠ ઉપાય છે.

**પ્રશ્નોત્તર** **આજ-કાલ શિષ્યોની લાલચથી સાધુઓ નાના બાળકોને ભોળવીને દીક્ષા આપી દે છે. બાકી નાના બાળકને દીક્ષાનું મન ક્યાંથી થઈ જાય ?**

ઉત્તર : કેટલાંક કહેવાતાં બૌદ્ધિકોને 'સાધુ' શબ્દની જ એલર્જી હોવાથી તેઓ આવો અપપ્રચાર કરે છે.

પહેલી વાત એ છે કે બાળક એને કહેવાય જે નજરે દેખાતું જ પકડે. ભવિષ્યનાં સુખને કારણે વર્તમાનનાં સુખને જતું કરે એ વાત સામાન્યથી ચાઈલ્ડ સાયકોલોજી નહીં પણ મેચ્યોર્ડ સાયકોલોજી કહેવાય.

બાળકો પરીક્ષા વખતે પણ રમવાનું છોડી શકતાં નથી. કારણ કે કરિયરનું સુખ એ ભવિષ્યનું સુખ છે અને રમતનું સુખ એ વર્તમાનનું સુખ છે. બાળક લગભગ વર્તમાનજીવી હોય છે.

છતાં કેટલાંક નાની ઉંમરે સરસ ભણતાં દેખાય તો તેને ઠરેલ, સમજુ અને વિવેકી કહીએ છીએ. આનો અર્થ એ કે અસામાન્ય કિસ્સાઓમાં એવું બનવું સંભવિત છે કે બાળપણમાં મેચ્યોર્ડ સાયકોલોજી પણ હોઈ શકે છે. તો તેવા કિસ્સાઓમાં એ દેખીતો બાળ અંદરથી પ્રબુદ્ધ ગણાવો જોઈએ.

નાના બાળકોને ભોળવીને દીક્ષા અપાવીને શિષ્યો વધારવાની વાતમાં કોઈ જ દમ એટલા માટે નથી કેમકે

● શાસ્ત્રો શિષ્યનાં સ્વીકાર કરવામાં પણ સાધુઓનાં કરુણાભાવને જણાવે છે લાલચુપણાંને નહિ.

अनुग्रहधियाऽभ्युपगमः ( धर्मबिन्दु-४ अध्याय )

● વળી, વીશ હજાર સાધુ-સાધ્વીજીઓ વચ્ચે વર્ષે છ-આઠ કે દશ નાના બાળકોને તાલિમ અને પરીક્ષા પછી દીક્ષા અપાય તેમાં કઈ મોટી શિષ્યવૃદ્ધિ થઈ જવાની હતી કે જેથી તેને ભોળવવો પડે.

● વળી, કોઈ પણ બાળકને જો ભોળવીને દીક્ષા આપવામાં આવી હોય તો તે બાળક એક દિવસ પણ સાધુજીવન પાળી શકે જ

નહિ. સાધુએ જે બધા નીતિનિયમો પાળવાનાં હોય છે તે પૂરેપૂરી ઈચ્છા અને સમજણ સિવાય પાળી શકાય એવા નથી જ હોતા.

કોઈ પણ વ્યક્તિને જો પરાણે કે ભોળવીને દીક્ષા આપવામાં આવી હોય તો તે ૨૪ કલાકમાં કંટાળીને પોતાનાં ઘરભેગી થઈ જાય. દુનિયાની કોઈ તાકાત એને અટકાવી શકતી નથી. અને જો કોઈ વ્યક્તિ દીક્ષા જીવનમાં ટકી જાય તો નક્કી માનવું કે તેણે સમજણથી અને રાજીખુશીથી જ દીક્ષા લીધી છે.

● હજારો નાના જૈન બાળકોમાંથી ૮-૧૦ને જ દીક્ષાના ભાવો થાય તે જ બતાવે છે કે પૂર્વભવના કો'ક યોગભ્રષ્ટ આત્માનો જ પોતાની અધુરી સાધના પૂર્ણ કરવા સંસ્કારી કુટુંબમાં જન્મ થયો હોય છે.

शुचीनाम् श्रीमताम् गेहे योगभ्रष्टोऽभिजायते ।

વર્તમાનમાં જેઓ આચાર્ય તરીકે સુંદર પદ ઉપર બિરાજમાન છે અને જોરદાર શાસનપ્રભાવના કરી રહ્યા છે તેવા બાળદિક્ષીત આચાર્ય ભગવંતને પૂછી જોજો કે 'તમારા ગુરુએ તમને ભોળવીને દીક્ષા આપી હતી એવું લાગે છે ખરું ?'

બાકી સાધુ પ્રત્યેનાં દ્વેષને કારણે જ જો આવો અપપ્રચાર કરવામાં આવતો હોય તો તેવા લોકોને શાસ્ત્રકારો ખાસ ચેતવણી આપે છે કે

न युज्यते प्रतिक्षेपः सामान्यस्यापि तत्सताम् ।
आर्यापवादस्तु पुनर्जिह्वाच्छेदाधिको मतः ॥

(योगदृष्टि-१४१)

*સામાન્ય માણસની પણ નિંદા કરશો નહિં. એમાં પણ દેવ-ગુરુની નિંદા તો ભૂલથી પણ કરશો નહિ.*

*જો તમારી પાસે માત્ર બે જ વિકલ્પ હોય (૧) કાં તો દેવ-ગુરુની નિંદા કરો અથવા તો (૨) જીભ કપાઈ જવાની સજા ભોગવો.*

તો બીજા વિકલ્પને સાનંદ સ્વીકારી લેજો. કેમ કે પ્રથમ વિકલ્પની પસંદગી તો જીભ કપાવાનાં દુઃખ કરતાં પણ અનંતગુણા દુઃખને ખેંચી લાવનાર છે.

શાસ્ત્રકારોની આ વાતને સહુ ગંભીરતાથી સમજો. અને સુસાધુની નિંદારૂપી મહાપાપમાંથી બચી જાઓ એ જ ભાવના.

સૂર્યમુખી હંમેશા પોતાનું મુખ
સૂર્ય તરફ રાખે,
સાચો સાધક હંમેશા પોતાનું મુખ
પ્રભુ અને ગુરુ તરફ રાખે.

પ્રભુને પામવા માટે...
(૧) અતૂટ શ્રદ્ધા અને
(૨) અખૂટ સમર્પણ...

**પ્રશ્ન-૧૦** પહેલાનાં કાળમાં સાધુઓ સારા-સાચા અને સંયમી હતા. પણ હવે તો બધે શિથિલાચાર ફેલાઈ ગયો છે. દીક્ષા લેવી સરળ બની ગઈ છે. પણ પછી પાલનમાં બધે ગરબડો થવા માંડી છે. દીક્ષા લઈને ગરબડો કરવી એનાં કરતાં શ્રાવકપણું શું ખોટું છે ?

ઉત્તર : જેમ પહેલાનાં કાળમાં સારા-સાચા અને સંયમી સાધુઓ હતા તેમ હાલમાં પણ સારા-સાચા અને સંયમી સાધુઓ છે જ. આ માત્ર અધ્ધરતાલ વાતો નથી, વર્ષોનાં શ્રમણજીવનનાં પાલન દ્વારા - વર્ષોનાં અનેકાનેક શ્રમણો સાથેનાં પરિચય દ્વારા સ્વ-અનુભવથી જાણેલી હકીકત છે.

બાકી જિનશાસન સ્યાદ્વાદમય છે.

જિનશાસનમાં અનેકાન્ત છે.

● 'હવે બધે શિથિલાચાર ફેલાઈ ગયો છે.' આવી વાત કરનારને મારે પૂછવું છે કે,

ભાઈ ! શું તમે બધાં જ સાધુઓને મળ્યા છો ?

શું તમે બધાં જ સાધુઓને નજીકથી માણ્યા છે ?

શું તમે આગમોનો અભ્યાસ કર્યો છે ?

શું તમે શાસ્ત્રોનાં રહસ્યોને જાણો છો ?

શું તમે જિનશાસનનાં ઉત્સર્ગ-અપવાદને જાણો છો ?

શું તમે જ્ઞાન અને ક્રિયા નય ને જાણો છો ?

શું તમે પ્રમાણ અને નયને જાણો છો ?

શું તમે દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવની વ્યવસ્થાને જાણો છો ?

શું તમે કલ્પ્ય-અકલ્પ્યની મર્યાદાને જાણો છો ?

શું તમે બાળ-વૃદ્ધ-ગ્લાન આદિ અવસ્થામાં કરાતી યતનાને જાણો છો ?

શું તમે જે-તે સમુદાયની સામાચારીથી સુપરિચિત છો ?

શું તમે એક પણ સંવિગ્ન-ગીતાર્થ ગુરુને પૂર્ણપણે સમર્પિત છો ?

શું તમે તમારી માન્યતાને મુક્તમને કોઈ ગીતાર્થગુરુ સામે રજૂ કરી છે ?

શું તમે તે ગુરુભગવંત પાસેથી સમાધાન મેળવવાનો પ્રયત્ન કર્યો છે ?

શું તમે તે-તે બાહ્ય આચાર સંબંધી આપવાદિક આચરણા પાછળનાં કારણોને જાણ્યા છે ?

શું તમે દોષસેવનનાં બળાપામાંથી કરાતા સુવિશુદ્ધ પ્રાયશ્ચિત્તને જાણો છો ?

શું તમે દ્રવ્ય-ગુણ અને પર્યાયને સમજ્યા છો ?

જો તમે જિનશાસન અને જિનશાસનની મર્યાદાને પૂર્ણપણે જાણતાં નથી. તો તમને જિનશાસન અને જિનશાસનનાં તે-તે અંગોની પોતાની વિપરીત બુદ્ધિથી સાચા-ખોટા તરીકેની ખતવણી કરવાનો શું અધિકાર છે ?

યાદ રહે - જેમ Medical Line ના ગમાર માણસને Doctor ને સલાહ આપવાનો કે Doctorને ખોટા કહેવાનો કોઈ અધિકાર નથી.

જેમ કાયદાશાસ્ત્રને નહિ જાણનારને વકીલને સલાહ આપવાનો કે વકીલને ખોટા કહેવાનો કોઈ અધિકાર નથી. તેમ ધર્મશાસ્ત્રોનાં કક્કાને પણ નહિ જાણનારાને ધર્મ વ્યવસ્થાને અને ધર્મગુરુને ખોટા કહેવાનો કોઈ જ અધિકાર નથી.

લખી રાખો હૃદયની દિવાલો પર,

અપવાદમાર્ગ અને શિથિલાચાર આ બંને વચ્ચે બહુ જ પાતળી ભેદ રેખા છે.

જેને ગીતાર્થ - શાસ્ત્રજ્ઞ ગુરુભગવંતો જ જાણી-સમજી

શકે છે. સામાન્ય માણસ તો બાહ્યદૃષ્ટિ માત્રથી વિપરીત ખતવણી પણ કર્યા જ કરે છે.

હા. ક્યાંક કો'કમાં મોટા-મોટા મહાવ્રતસંબંધી દોષો સુસ્પષ્ટ રૂપે જણાય તો તેને કર્મોદયજન્ય - કાળજન્ય - નિમિત્તજન્ય સમજવા જોઈએ. અને તેનાથી તે વ્યક્તિમાત્ર ખોટી સાબિત થાય છે.

પણ બે-ચાર વ્યક્તિનાં દૃષ્ટાંતને લઈને બીજા હજારો સારા-સાચા સંયમીને પણ તેવા જ ગણવા એ તો કઈ રીતે યોગ્ય ગણાય.

તમે આ વિવેકની આંખોથી મહાત્માનાં દર્શન કરશો તો પડતાં કાળમાં, કુનિમિત્તોની વચ્ચે, વિલાસી વાતાવરણની વચ્ચે પણ અનેકાનેક ગુણોનાં ભંડાર, અતિ અદ્‌ભુત સંયમની આરાધના કરનારા, ભગવાન મહાવીરનાં સાચા વારસદાર એવા સંયમી ભગવંતોના દર્શન થશે.

જેનાથી તમારાં નયનો અશ્રુજલથી ઉભરાઈ જશે.

તમે તનથી અને મનથી એમને ઝુકી જશો.

તમે આવી વિવેકદૃષ્ટિ પામો અને આ દિવ્ય દર્શનને પામો તેવી શુભાભિલાષા...

બાકી તો સાધુપણામાં રહીને સાધુ સંબંધી આચારોમાં શિથિલ થનારાની ટકાવારી કરતાં તો શ્રાવકપણામાં રહીને શ્રાવકસંબંધી આચારોમાં શિથિલ થનારાની ટકાવારી અનેકગણી વધારે છે. આથી જે સાધુપણાંની શિથિલતાને જોવા મથે છે તેણે પહેલાં શ્રાવકપણાની શિથિલતાને નજરમાં લાવવી જોઈએ. પછી સહજતાથી સાધુની કિંમત સમજાશે. મહાનતા દેખાશે, દોષદૃષ્ટિ ઓગળી જશે.

**હે પ્રભુ ! આ સંયમયાત્રા દ્વારા તારી અને મારી વચ્ચેનું અંતર સતત ઘટતું રહે એ જ મારી ઝંખના...**

**પ્રશ્ન-૧૧** સાહેબજી ! દીકરો જ્યારે આપની પાસે હોય છે ત્યારે બધું બરાબર હોય છે. પણ જેવો ઘરે આવે છે ત્યારે એનો વૈરાગ્ય ક્યાંય ઉડી જાય છે. કેમકે હજી એનો વૈરાગ્ય કાચો છે. બાકી સાચો અને પાકો વૈરાગી તો ગમે તેવી પરિસ્થિતિમાં પણ વૈરાગ્ય ટકાવી જ શકે.

ઉત્તર : દીક્ષા લેવા ઈચ્છતાં વ્યક્તિમાં વૈરાગ્ય હોવો જોઈએ એ વાત સાચી. પણ એ વૈરાગ્ય કેટલો હોય તો તેને દીક્ષા માટે યોગ્ય ગણાય ? પ્રાયઃ લોકોની માન્યતા એવી જ હોય છે કે દીક્ષાર્થી એટલે વૈરાગી, પૂર્ણ વૈરાગી - જાણે કે વીતરાગી. વૈરાગ્યની કસોટીમાં એ ૧૦૦માંથી ૧૦૦ માર્કસ મેળવે તો એ Pass અન્યથા Fail.

હવે મને જણાવો કે દુનિયાનાં કયા ફિલ્ડમાં ૧૦૦% યોગ્યતા જોવામાં આવે છે.

● શું Doctor બનનારા બધા ૧૦૦% મેળવીને ઉત્તીર્ણ થયા હોય છે ?

● શું C.A. બનનારા બધા ૧૦૦% મેળવીને ઉત્તીર્ણ થયા હોય છે ?

● શું લગ્ન કરીને ઘરે આવતી કન્યામાં લગ્ન અંગેની ૧૦૦% યોગ્યતા જોવામાં આવે છે ?

● શું 10th Standard માં ૧૦૦% મેળવેલ વિદ્યાર્થી જ 11thમાં જવાની યોગ્યતા ધરાવે છે ?

● શું એન્જિનિયર બનનારા ૧૦૦% ગુણાંક પામેલા જ હોય છે ?

● શું માતા-પિતા બનનારામાં પણ માતા-પિતા બનવાની ૧૦૦% યોગ્યતા હોય જ છે ?

● શું Teacher બનનારા બધા જ ૧૦૦% યોગ્યતા ધરાવે છે ?

● શું સાસુ-સસરામાં પણ તે અંગેની ૧૦૦% યોગ્યતા હોય છે ?

● શું C.M. કે P.M. બનનારા પણ ૧૦૦% લોકમત મેળવીને C.M., P.M. બનતા હોય છે ?

દુનિયાનાં એક પણ ફિલ્ડમાં ૧૦૦% યોગ્યતા જોવામાં નથી આવતી. ક્યાંક ૩૫% એ યોગ્યતા, તો ક્યાંક ૫૦% યોગ્યતાથી ચલાવાય છે; તો પછી શા માટે દીક્ષાની બાબતમાં મુમુક્ષુની ૧૦૦% યોગ્યતાની અપેક્ષા રખાય છે ?

શાસ્ત્રકારોએ દીક્ષાની યોગ્યતા માટે ૧૬ ગુણો બતાવ્યા છે. અને અંતે ૧૬માંથી ૮ ગુણ હોય તો પણ તેઓને યોગ્ય ગણ્યા છે.

पादार्द्धगुणहीनौ च, योग्यौ तौ मध्यमावरौ ॥

(धर्मसंग्रह-१३)

મુમુક્ષુ આત્મા એ વૈરાગી છે વીતરાગી નથી.

મુમુક્ષુ આત્મા સાધનાકાળમાં છે. સિદ્ધિ દશામાં નથી.

માટે જ એ સાધક છે સિદ્ધ નથી.

અને સાધનાકાળમાં Ups & Downs આવ્યા જ કરે.

આનું પણ મુખ્ય કારણ છે મુમુક્ષુને આપવામાં આવતું વાતાવરણ. તમે એને જેવું વાતાવરણ આપશો તે તેવા રૂપે બનશે. દૂધમાં તો માવો બનવાની યોગ્યતા પણ છે અને ફાટી જવાની યોગ્યતા પણ છે. પ્રશ્ન એટલો જ છે કે તમે એને કયું વાતાવરણ આપો છો.

એકવાર ટોલ્સ્ટોયને કોઈએ લોખંડનો ટુકડો બતાવીને પૂછેલું કે આની કિંમત કેટલી ? ટોલ્સ્ટોયે માર્મિક જવાબ આપેલો. 'તમે કઈ રીતે વાપરો છો તેના પર તે નક્કી થાય. આમને આમ તો આનાં આઠ આના ઉપજે. નાની નાની સોય બનાવો તો થોડું વધારે ઉપજે. ઘડિયાળનાં ઝીણા સ્પેરપાર્ટસ બનાવો તો ઘણું વધારે ઉપજે. ઈટ ડિપેન્ડ્સ હાઉ યુ કલ્ટિવેટ ઈટ.'

મુમુક્ષુ આત્મા જયારે મહાત્માની પાસે હોય છે ત્યારે તેને તેનાં વૈરાગ્યની ઉત્પત્તિ માટે, વૈરાગ્યની સ્થિરતા માટે, વૈરાગ્યની વૃદ્ધિ માટે અનુકૂળ વાતાવરણ મળી રહે છે. માટે તે ત્યારે વૈરાગી હોય છે. ઘરે જતાંની સાથે આવું વાતાવરણ ન મળવાથી એનાં વૈરાગ્યમાં ઓટ આવે એ બહુ સહજ છે. માટે જ શાસ્ત્રકારો જણાવે છે કે,

असदाचारसंसर्गवर्जनेऽपि यदि सदाचारसंसर्गो न स्यात् तदा न तथाविधा गुणवृद्धिः संपद्यते, तस्मात् संसर्गः सदाचारैः ।

(धर्मबिन्दु - १ अध्याय)

*અધર્મી આત્માઓ, પાપી આત્માઓ, અનાચારનાં સેવન કરનારા આત્માઓનાં સંગને છોડવા છતાં પણ જો ગુણવાન, ધર્મી, આચારસંપન્ન સજ્જનોનો સંગ કરવામાં ન આવે તો વિશિષ્ટ એવા ગુણોની વૃદ્ધિ થઈ શકતી નથી.*

*માટે હંમેશા સત્પુરુષોની સોબત કરવી જ.*

છતાં પણ જો કોઈ એમ જ કહેતું હોય કે સાચો વૈરાગી તો ગમે તે પરિસ્થિતિમાં પણ વૈરાગી જ હોવો જોઈએ, તો પછી કાલે એવું પણ કહેવું પડશે કે,

સાચો વિદ્યાર્થી બધે જ ભણી શકતો હોય. એને School કે Tutionની શું જરૂર ? એ તો ઘરે બેઠાં-બેઠાં પણ ભણી જ શકે. જેને School કે Tution ની જરૂર પડે, જેને School-Tution નાં વાતાવરણની અને ઘરનાં વાતાવરણની સારી-ખોટી અસર વર્તાય તે ખોટો વિદ્યાર્થી. કેમ કે સાચા વિદ્યાર્થીને વળી વાતાવરણની અસર શેની ?

સાચો Doctor તો કોઈપણ વાતાવરણમાં સફળ Operation કરી જ શકે. પછી ભલેને એ Operation થીયેટર હોય કે પછી કાદવ-કીચડ-ગંદકી અને મચ્છરવાળી જગ્યા હોય. જેને વાતાવરણની અસર વર્તાય એ ખોટો Doctor.

સાચો Painter તો કોઈ પણ વાતાવરણમાં Proper Paint કરી જ શકે. પછી ભલે ને તે કાગળ-કેનવાસ-Colour-પીંછી લઈને ઘરમાં બેઠો હોય કે, પછી ખુલ્લા આકાશ નીચે વરસતા વરસાદ વચ્ચે બેઠો હોય. જેને વાતાવરણની અસર વર્તાય તે ખોટો Painter.

સાચો સ્કેટ્સ ચેમ્પિયન તો Smooth રોડ પર પણ સ્કેટીંગ કરી શકે અને દરિયાનાં રેતાળ પટ પર પણ તેવી જ રીતે સ્કેટીંગ કરી શકે. બાકી એ ખોટો.

નિર્મળ લોચન ધરાવનાર વ્યક્તિને તો બધેજ બધુ Clear દેખાય. ભલેને પછી સૂર્ય, Light કે ટોર્ચનો પ્રકાશ હોય કે પછી અમાસની કાજળકાળી ઘોર અંધારી રાત હોય. નિર્મળલોચનવાળાને વળી અજવાળા - અંધારાની અસર શેની ? અને જેને આની અસર વર્તાય તે...

આમ, આ વાત બહુ સ્પષ્ટ છે કે જે-તે કાર્ય માટે તેને યોગ્ય વાતાવરણ અતિ આવશ્યક છે. એમાં પણ જ્યારે આત્મા પર લાગેલા અનાદિકાલીન દુર્ગુણો સામે જંગે ચઢવાનું હોય ત્યારે તો વાતાવરણનું મૂલ્ય અનેકગણું વધી જાય છે. માટે ઓ માતા-પિતાઓ ! આપનાં લાડકવાયા રત્નને તેવું યોગ્ય વાતાવરણ આપો અને તે સુયોગ્ય વાતાવરણ વચ્ચે જો તે દુર્ગુણોને દફનાવી શકે છે, વૈરાગ્યને જન્માવી-ટકાવી-વધારી શકે છે તો પછી અયોગ્ય વાતાવરણમાં પણ તેવાં જ વૈરાગ્યની અપેક્ષા છોડી દો. અને તેને સદ્‌ગુરુનાં ચરણે ધરી દો. કેમ કે,

કોરી પાટીનું મૂલ્ય તો ઘણું છે,
આધાર બધો લહિયા પર છે...

(તા.ક. જો કે વિશિષ્ટ જ્ઞાનદશાને પામેલા સાધક માટે વાતાવરણની અસરથી મુક્ત રહેવું શક્ય છે. પણ સાધનાનાં પ્રારંભકાળમાં એ પ્રાયઃ અશક્ય હોય છે.)

જેની પાસે પથારાનો પાર નથી તે ભોગી
અને
જેની પાસે પોતાનાં સિવાય
કાંઈ નથી તે યોગી...

**પ્રશ્ન-૧૨ આજનાં જમાનામાં ભણતરની ખૂબ કિંમત છે. અને એમાંય English પર પ્રભુત્વ હોય તો પ્રભાવ કંઈક અલગ જ પડે. માટે અમે કહીએ છીએ કે 12th પછી / C.A. થયા પછી દીક્ષા લે જે.**

ઉત્તર : કો'કે ભણતરની બહુ સરસ વ્યાખ્યા કરી છે.

**The heart of education is the education of heart.**

આજનાં કહેવાતાં ભણતરમાં Heart education ને કોઈ સ્થાન નથી. સંવેદના - ભાવના અને નૈતિકતાથી શૂન્ય માત્ર માહિતિ પ્રધાનતા આજના શિક્ષણમાં છે. અને આવા ભણતરની આડઅસર પણ તમે જોઈ શકો છો.

જોઈ લો તમે - ઘરડાઘરમાં મોટાભાગે શિક્ષિત વ્યક્તિઓનાં મા-બાપ હશે.

- Abortion કરાવનારા મોટાભાગે શિક્ષિતો હશે.
- Abortion કરનારા તો બધા શિક્ષિતો જ છે.
- Corruption & Black-Money નાં ચક્કરમાં મોટાભાગે શિક્ષિતો સપડાયેલા હશે.
- ધર્મ અને સંસ્કૃતિ સામે વિચિત્ર કુતર્કો ઉઠાવનારા મોટાભાગે શિક્ષિતો હશે.
- સામાજિક મર્યાદાઓનો 'બંધન'નાં નામે ખુલ્લેઆમ ભંગ કરનારા મોટાભાગે શિક્ષિતો હશે.
- શિક્ષિતો મોટાભાગે પોતાનાં મગજમાં કોઈને કોઈ પ્રકારની રાઈ ભરીને ફરતા હશે. જેથી તેઓ પોતાને અતિ ઉચ્ચ અને અન્યને સાવ હેઠ તરીકે જોતાં હશે. તેઓનાં વાણી-વર્તનમાં આ 'અહં' નીતરતો દેખાતો હશે.

ભણતરની આવી બધી આડઅસરોને જોઈને ભણતરની કિંમત કેટલી છે એનો અંદાજ કાઢી શકાય છે.

વળી આજીવિકાની દૃષ્ટિએ પણ ભણતર નિશ્ચિંતતા આપી શકતું નથી. આજે પણ ભારતભરમાં લાખો શિક્ષિત બેકાર છે. જેમ-જેમ શિક્ષણનો દર વધ્યો છે તેમ-તેમ શિક્ષિત બેકારોનો દર પણ કુદકે ને ભૂસકે વધી રહ્યો છે.

રહી વાત English પર પ્રભુત્વ મેળવવાની.

આ વાતમાં પણ બહુ દમ નથી. English પર પ્રભુત્વ મેળવવા મા-બાપ બાળકને English Medium માં ભણવા મૂકે છે. આનાં કારણે બાળક પોતાની માતૃભાષામાં તો કાચો રહે જ છે. સાથે સાથે English Medium માં ભણવા છતાંય મોટાભાગનાં Students Englishમાં Medium જ હોય છે.

બિચારો માતૃભાષામાં ય Medium અને English માં ય Medium. અંતે ઉભય ભ્રષ્ટ.

આનાથી તદ્દન વિપરીત - કે જે બાળકોએ નાની વયમાં જ શાળાકીય વિશેષ શિક્ષણ લીધા વિના જ સંયમનો સ્વીકાર કર્યો છે.

તેઓ આરાધકની સાથે-સાથે ખૂબ-ખૂબ પ્રભાવક પણ બન્યા છે.

શ્રી ગુરુતત્ત્વવિનિશ્ચય પ્રકરણમાં મહોપાધ્યાય શ્રી યશોવિજયજી મ.સાહેબ જણાવે છે

**आबालभावओ जे गुरुपामूलाउ लद्धसिक्खदुगा ।**
**णिच्छयव्यवहारविऊ ते वड्ढावंति तित्थठिइं ॥**

(गु.त.वि.-१५०)

*જેઓ બાળપણથી માંડીને સદ્ગુરુનાં સાન્નિધ્યને પામીને ગ્રહણશિક્ષા અને આસેવનશિક્ષાને જીવનમાં ઉતારીને, નિશ્ચય અને વ્યવહારમાર્ગને જાણે છે. તેઓ શાસનની પરંપરાને અખંડ રીતે આગળ ધપાવે છે.*

વાસ્તવિક્તા તો એ છે કે બાળદીક્ષિતોને ભણવાની જેટલી તક મળે છે એટલી દુનિયાનાં કોઈ જ બાળકને મળતી નથી. કેમ કે અભ્યાસમાં અતિ બાધક એવા T.V. અને Mobile નો અહીં પૂર્ણપણે

અભાવ છે. માટે બાળમુનિઓ પોતાનાં અભ્યાસમાં ખૂબ-ખૂબ એકાગ્રતા કેળવી શકે છે. અને તેથી તેઓ ગુજરાતી, હિન્દી, સંસ્કૃત, પ્રાકૃત ઉપરાંત English, ન્યાય, વ્યાકરણ, જ્યોતિષ, ઈતિહાસ, રાજકારણ, અર્થશાસ્ત્ર, સમાજશાસ્ત્ર, માનસશાસ્ત્ર, ખગોળ, ભૂગોળ અને આધુનિક વિજ્ઞાન જેવા અનેકાનેક વિષયોનું જ્ઞાન ધરાવતા હોય છે.

આ પણ કોઈ અધ્ધરતાલ વાતો માત્ર નથી. ઈતિહાસ અને વર્તમાન આ વાતની સાક્ષી પૂરે છે. જુઓ કેટલાંક બાળ પ્રભાવકોનું આ રહ્યું List...

| | નામ | દીક્ષાગ્રહણ વખતે ઉંમર | પદ |
|---|---|---|---|
| ૧. | શ્રી વજ્રસ્વામીજી | ૩ાા | આચાર્ય |
| ૨.. | શ્રી પાદલિપ્તસૂરિજી | ૮ | આચાર્ય |
| ૩. | શ્રી વજ્રસેનસૂરિજી | ૯ | આચાર્ય |
| ૪. | શ્રી બપ્પભટ્ટીસૂરિજી | ૭ | આચાર્ય |
| ૫. | શ્રી વાદિદેવસૂરિજી | ૯ | આચાર્ય |
| ૬. | શ્રી દેવસૂરિજી | ૯ | આચાર્ય |
| ૭. | શ્રી સોમપ્રભસૂરિજી | ૧૧ | આચાર્ય |
| ૮. | શ્રી જયાનંદસૂરિજી | ૧૨ | આચાર્ય |
| ૯. | શ્રી દેવસુંદરસૂરિજી | ૮ | આચાર્ય |
| ૧૦. | શ્રી જ્ઞાનસાગરસૂરિજી | ૧૨ | આચાર્ય |
| ૧૧. | શ્રી કલિકાલસર્વજ્ઞ હેમચન્દ્રસૂરિજી | ૫ | આચાર્ય |
| ૧૨. | શ્રી કુલમંડનસૂરિજી | ૮ | આચાર્ય |
| ૧૩. | શ્રી સોમપ્રભસૂરિજી | ૧૧ | આચાર્ય |
| ૧૪. | શ્રી મુનિસુંદરસૂરિજી | ૭ | આચાર્ય |
| ૧૫. | શ્રી રત્નશેખરસૂરિજી | ૬ | આચાર્ય |
| ૧૬. | શ્રી લક્ષ્મીસાગરસૂરિજી | ૬ | આચાર્ય |
| ૧૭. | શ્રી આણંદવિમલસૂરિજી | ૫ | આચાર્ય |
| ૧૮. | શ્રી વિજયદાનસૂરિજી | ૯ | આચાર્ય |

| | | |
|---|---|---|
| ૧૯. શ્રી વિજયહીરસૂરિજી | ૧૩ | આચાર્ય |
| ૨૦. શ્રી વિજયસેનસૂરિજી | ૯ | આચાર્ય |
| ૨૧. શ્રી વિજયદેવસૂરિજી | ૯ | આચાર્ય |
| ૨૨. શ્રી વિજયસિંહસૂરિજી | ૧૦ | આચાર્ય |
| ૨૩. શ્રી વિજયપ્રભસૂરિજી | ૯ | આચાર્ય |
| ૨૪. શ્રી મહોપાધ્યાયયશોવિજયજી | ૮ | મહોપાધ્યાય |
| ૨૫. શ્રી વિજયરત્નસૂરિજી | ૬ | આચાર્ય |
| ૨૬. શ્રી જ્ઞાનવિમલસૂરિજી | ૮ | આચાર્ય |
| ૨૭. શ્રી લક્ષ્મીસાગરસૂરિજી | ૮ | આચાર્ય |
| ૨૮. શ્રી નેમિચન્દ્રસૂરિજી | ૯ | આચાર્ય |
| ૨૯. શ્રી ક્ષમાસૂરિજી | ૭ | આચાર્ય |
| ૩૦. શ્રી કનકચન્દ્રસૂરિજી | ૧૧ | આચાર્ય |
| ૩૧. શ્રી ભાતૃચન્દ્રસૂરિજી | ૧૨ | આચાર્ય |
| ૩૨. શ્રી વિવેકચન્દ્રસૂરિજી | ૧૧ | આચાર્ય |
| ૩૩. શ્રી કમલસૂરિજી | ૧૨ | આચાર્ય |
| ૩૪. શ્રી વિજયચન્દ્રસૂરિજી | ૧૦ | આચાર્ય |
| ૩૫. શ્રી અજિતસાગરસૂરિજી | ૧૪ | આચાર્ય |
| ૩૬. શ્રી વર્ધમાનસૂરિજી | ૧૩ | આચાર્ય |
| ૩૭. શ્રી વિક્રમસૂરિજી | ૧૩ | આચાર્ય |
| ૩૮. શ્રી રામસૂરિજી | ૧૩ | આચાર્ય |
| ૩૯. શ્રી પ્રેમસૂરિજી (સમીવાળા) | ૧૧ | આચાર્ય |
| ૪૦. શ્રી ભુવનશેખરસૂરિજી | ૧૦ | આચાર્ય |
| ૪૧. શ્રી સૂર્યોદયસાગરસૂરિજી | ૬॥ | આચાર્ય |
| ૪૨. શ્રી ધર્મધુરંધરસૂરિજી | ૧૪ | આચાર્ય |
| ૪૩. શ્રી નવરત્નસૂરિજી | ૭ | આચાર્ય |
| ૪૪. શ્રી નરેન્દ્રસાગરસૂરિજી | ૮ | આચાર્ય |
| ૪૫. શ્રી ૐકારસૂરિજી | ૧૧ | આચાર્ય |
| ૪૬. શ્રી જયાનંદસૂરિજી | ૧૦ | આચાર્ય |

| | | |
|---|---|---|
| ૪૭. શ્રી અરવિંદસૂરિજી | ૧૧ | આચાર્ય |
| ૪૮. શ્રી સૂર્યોદયસૂરિજી | ૧૩ | આચાર્ય |
| ૪૯. શ્રી રાજેન્દ્રસૂરિજી | ૧૧ | આચાર્ય |
| ૫૦. શ્રી હેમચન્દ્રસૂરિજી | ૧૨ | આચાર્ય |
| ૫૧. શ્રી જયઘોષસૂરિજી | ૧૩ | આચાર્ય |
| ૫૨. શ્રી નયપ્રભસૂરિજી | ૧૨ | આચાર્ય |
| ૫૩. શ્રી યશોભદ્રસૂરિજી | ૧૧ | આચાર્ય |
| ૫૪. શ્રી કનકશેખરસૂરિજી | ૧૪ | આચાર્ય |
| ૫૫. શ્રી નિત્યોદયસાગરસૂરિજી | ૧૪ | આચાર્ય |
| ૫૬. શ્રી પૂર્ણચન્દ્રસૂરિજી | ૧૦ | આચાર્ય |
| ૫૭. શ્રી પુણ્યપાલસૂરિજી | ૮ | આચાર્ય |
| ૫૮. શ્રી મુક્તિપ્રભસૂરિજી | ૭ | આચાર્ય |
| ૫૯. શ્રી યશોવિજયસૂરિજી | ૧૧ | આચાર્ય |
| ૬૦. શ્રી હેમભૂષણસૂરિજી | ૧૩ | આચાર્ય |
| ૬૧. શ્રી કલ્પજયસૂરિજી | ૮ | આચાર્ય |
| ૬૨. શ્રી સોમસુંદરસૂરિજી | ૧૨ | આચાર્ય |
| ૬૩. શ્રી દર્શનરત્નસૂરિજી | ૧૪ | આચાર્ય |
| ૬૪. શ્રી અજિતરત્નસૂરિજી | ૧૧ | આચાર્ય |
| ૬૫. શ્રી સોમસુંદરસૂરિજી | ૭ | આચાર્ય |
| ૬૬. શ્રી વિજયાનંદસૂરિજી | ૯ | આચાર્ય |
| ૬૭. શ્રી અભયસાગરજી | ૬॥ | પંન્યાસ |
| ૬૮. શ્રી કુલબોધિસૂરિજી | ૯ | આચાર્ય |
| ૬૯. શ્રી ચન્દ્રજિતસૂરિજી | ૧૦ | આચાર્ય |
| ૭૦. શ્રી હંસરત્નસૂરિજી | ૧૩ | આચાર્ય |
| ૭૧. શ્રી હરિકાંતસૂરિજી | ૧૩ | આચાર્ય |
| ૭૨. શ્રી અભયચન્દ્રસૂરિજી | ૧૪ | આચાર્ય |
| ૭૩. શ્રી રશ્મિરત્નસૂરિજી | ૧૪ | આચાર્ય |
| ૭૪. શ્રી હૃદયવલ્લભસૂરિજી | ૧૨ | આચાર્ય |

અહીં તો માત્ર કેટલાંક જ બાળપ્રભાવકોનું List આપવામાં આવ્યું છે. જેથી પ્રભાવક બનવા માટે શાળાકીય શિક્ષણની અતિમહત્તાનો જે ભ્રમ મનમાં બેસી ગયો હોય તે દૂર થાય. બાકી જેઓ ભૌતિક ક્ષેત્રે મોટી ડીગ્રીઓ મેળવવામાં જીવનનો અતિ કિંમતિ સમય વેડફી નાંખે છે. તેઓ પાછળથી દીક્ષિત થવાં છતાં પણ પ્રાયઃ વિશિષ્ટ પ્રભાવક(★) બની શકતાં નથી. વર્ષોની મહેનત દ્વારા એ જે જ્ઞાન પામ્યો હોય છે તે જ્ઞાન સંયમજીવનમાં એને ૨%-૫% પણ ઉપયોગી બનતું નથી. અને જે જ્ઞાન સંયમ જીવનનાં પ્રાણ સમાન છે. એ સમ્યક્જ્ઞાનનો કક્કો તે મોટી વયે ભણવાની શરૂઆત કરે છે.

વળી, ડીગ્રી લઈને પછી દીક્ષા આપવાની વાતમાં ખૂબ જોખમ છે. આજનું School-Collegeનું વાતાવરણ ભલભલાં ખાનદાન નબીરાને પણ ક્યારે પોતાની હડફેટમાં લઈ લે તેનો કોઈ ભરોસો નથી. પછી કદાચ... અંતે એવું પણ બની શકે કે દીકરાને નાની ઉંમરે જ્યારે દીક્ષા લેવાનાં ભાવ છે, ત્યારે તમે એને ભણાવવાનો આગ્રહ રાખો છો. તમારા આગ્રહથી એ ભણવાનું ચાલું કરશે. અને ભણી-ગણીને ડીગ્રીધારી બનીને એ એટલો બધો લાયક બની જશે કે હવે તમને પણ નાલાયક માનવા લાગશે. પછી, આ દીકરો ના તો તમારો રહેશે, ના તો જિનશાસનનો.

અને અંતે રડતી આંખે તમારે બોલવું પડશે...

અબ પછતાયે ક્યાં હોત,
જબ ચીડીયાં ચુગ ગઈ ખેત...

— x — x —

(★) જો કે સંયમસ્વીકારનું પ્રધાન લક્ષ્ય તો આરાધક બનવાનું જ છે. અને તે-તો કોઈ પણ ઉંમરે સંયમ-સ્વીકારનારાં બની શકે છે. પણ જ્યારે આરાધકની સાથે-સાથે પ્રભાવકની પણ વિચારણાં કરવામાં આવે તો ત્યારે વિશેષતઃ બાળદીક્ષિતો જ દષ્ટિગોચર થાય છે.

**પ્રશ્ન-૧૩** હાલ તો અમે દીકરાને દીક્ષા આપવા માંગતાં નથી. છતાંય જો એનાં ભાગ્યમાં દીક્ષા હશે તો અમે કોઈ એને અટકાવી શકવાનાં પણ નથી. સમય જવા દો, એનાં ભાગ્ય પ્રમાણે થશે...

ઉત્તર : કેટલાંક માતા-પિતાને મનમાં સ્પષ્ટ નિર્ણય હોય છે કે આપણે એને દીક્ષા આપવાની નથી. છતાંય સ્પષ્ટ 'ના' ન પાડતાં ભાગ્યની વાત વચ્ચે લાવીને દીકરાને સમજાવી દે છે.

ખબર નહિ કેમ, દુનિયાનાં સર્વ ક્ષેત્રોમાં પુરુષાર્થને પ્રધાન કરનારાઓ પણ ધર્મક્ષેત્રમાં બધું જ નસીબ પર છોડી દે છે.

● દીકરાનાં નસીબમાં હશે તો એનાં Schoolની Examમાં સારા Marks આવશે. આમ, વિચારી નસીબ પર છોડતાં નથી.

● દીકરીનાં નસીબમાં હશે તો સામે ચઢીને સારો મૂરતીયો મળશે. આમ વિચારી કોઈ મા-બાપ પુરુષાર્થ વિના રહેતાં નથી. શોધખોળ કરે જ છે.

● આપણાં નસીબમાં હશે તો લાખો-કરોડોની કમાણી થશે. આમ વિચારી એકેય વ્યક્તિ નોકરી-ધંધા આદિ પુરુષાર્થને છોડતાં નથી.

● નસીબમાં હશે તો Vehicle ચલાવતાં આવડશે. આવું વિચારી કોઈ એમ-નેમ બેસી રહેતું નથી.

● અરે ! ભિખારી જેવો ગમાર અને અભણ પણ નસીબમાં હશે તો પેટ ભરાશે. એમ વિચારી પડ્યો રહેતો નથી. પણ ભોજન મેળવવા પુરુષાર્થ કરે છે.

આવી રીતે તમામ ભૌતિક ક્ષેત્રમાં માણસ પુરુષાર્થને પ્રધાન ગણે જ છે અને તે મુજબ વર્તે જ છે. તો પછી દીક્ષાની બાબતમાં એવું કેમ નહિ ?

उद्यमः साहसं धैर्यं बुद्धिर्शक्तिः पराक्रमः ।
षडेते यत्र वर्तन्ते तत्र दैवं सहायकृत् ॥

*જે ઉદ્યમી છે*
*જે સાહસિક છે*
*જે ધૈર્યવાન્ છે*
*જે બુદ્ધિમાન છે*
*જે શક્તિસંપન્ન છે અને*
*જે પરાક્રમી છે*
*તેને જ ભાગ્ય ફળે છે.*

ઉદ્યમ વગેરે કશુંય કરવું નહિ. અને માત્ર ભાગ્યની વાતો કરવી એ તો નર્યો દંભ છે. છેતરપિંડી છે. વંચના છે. કપટ છે. માયા છે. ચીટીંગ છે.

સાચા માતા-પિતા કોને કહેવાય તે જણાવતાં શ્રી મુનિસુન્દરસૂરિજી મ.સાહેબ અધ્યાત્મકલ્પદ્રુમમાં જણાવે છે કે,

माता पिता स्वः सुगुरुश्च तत्त्वात्,
प्रबोध्य यो योजति शुद्धधर्मे,
न तत्समोऽरिः क्षिपते भवाब्धौ,
यो धर्मविघ्नादिकृतेश्च जीवम् ॥ (१२-१०)

*સાચા માતા-પિતા સાચા સ્વજન અને સાચા સદ્ગુરુ એ છે જે સંતાન આદિને સ્વયં પ્રતિબોધ કરીને શુદ્ધ ધર્મમાં જોડી દે.*

*બાકી,*

*જે ધર્મમાં અંતરાય વગેરે કરે, અને એ જીવને ભવસાગરમાં ફેંકી દે એના જેવા બીજા કોઈ દુશ્મન નથી.*

Please,
Don't be an enemy for your child.
Be a Parents, A real parents.

**પ્રશ્ન-૧૪** **સારા જ્યોતિષીએ અમને જણાવ્યું છે કે અમારા દીકરાનાં ગ્રહો પ્રમાણે એ દીક્ષા મેળવી શકે તેમ નથી. દીક્ષા આપવામાં જોખમ છે.**

ઉત્તર : જિનશાસન એ સર્વજ્ઞનું શાસન છે.

જિનશાસન દ્રવ્ય - ક્ષેત્ર - કાળ અને ભાવની અસરને ચોક્કસ માને જ છે. એમાં કોઈ ના નથી.

પણ,

જિનશાસન માત્ર કાળ ને એટલે કે માત્ર જ્યોતિષને જ નથી માનતું. ચારેયને માને છે. એટલે કે માત્ર ગ્રહ-નક્ષત્ર-રાશિનાં આધારે અસર નથી માનતું, પણ સારા-ખોટાં દ્રવ્ય આદિ સર્વેની અસરને સ્વીકારે છે. માટે, એ સુશક્ય છે કે ભલે જ્યોતિષશાસ્ત્ર ગમે તે કહેતું હોય પણ તેનાં ફલાદેશને બદલવો એ પણ જીવનાં પુરુષાર્થને આધીન છે.

સત્પુરુષાર્થ અને ધાર્મિક અનુષ્ઠાનો દ્વારા અશુભ કર્મો (નિકાચિત સિવાય) તથા અશુભ ગ્રહચારોની અસરને દૂર કરી શકાય છે. અને એ રીતે પણ ચારિત્રમોહનીય કર્મોનો ક્ષયોપશમ કરીને ચારિત્ર મેળવી શકાય છે અને અતિ સુંદર રીતે પાળી પણ શકાય છે.

ઇતિહાસ સાક્ષી છે આ વાતનો...

યાદ કરો ‘પાણિની’ને.

માત્ર સાડા ત્રણ વર્ષની ઉંમર છે પાણિનીની.

મા-બાપ હસ્તરેખા નિષ્ણાંતને પાણિનીનો હાથ બતાવે છે.

તે કહે છે કે, તમારો બાળક આખી જીંદગી ઢબુ ભાઈનો ‘ઢ’ રહેશે. આનાં નસીબમાં જ્ઞાનપ્રાપ્તિ છે જ નહિ. જુઓ એની આ ‘જ્ઞાનરેખા’ ખૂબ-ખૂબ-ખૂબ જ નાની છે.

પાણિની આ વાત સાંભળે છે.

એને પોતાનું ‘ઢ’ પણું બિલકૂલ મંજુર નથી.

તે સાડા ત્રણ વર્ષનો ટાબરિયો રસોડામાંથી છરી લઈ આવ્યો. અને જે જ્ઞાનરેખા નાની હોવાનું તે ભાઈ જણાવતા હતા. તે રેખાને

છરી દ્વારા હાથમાં લાંબી કરી દીધી. લોહીની ધાર વહે છે. સાથે-સાથે એનાં આ તીવ્ર પુરુષાર્થથી જ્ઞાન આવારક કર્મો પણ વહી ગયા.

ઈતિહાસ સાક્ષી છે કે જે 'ઢ' બનવાનો હતો. એવો પાણિની સંસ્કૃતભાષાનાં આખા વ્યાકરણની રચના કરનાર મહાવિદ્વાન પંડિત પાણિની બન્યો. તેનાં તીવ્ર પુરુષાર્થે નસીબનાં - કર્મોનાં ગણિતને બદલી નાખ્યા.

આજ સુધીમાં હજારો-લાખો લોકો આ પાણિનીએ રચેલા વ્યાકરણનાં આધારે સંસ્કૃતભાષા ભણતાં થયા.

આમ, માત્ર જ્યોતિષનાં આધારે પોતાનાં અમૂલ્ય માનવજીવનને સંસારની આગમાં હોમી ન દેવાય.

વળી ધારો કે, કોઈ જ્યોતિષી તમને સંસાર અંગે આવું કાંઈક કહે તો તમે શું કરો ? પુરુષાર્થ છોડી દો ?

જેમ કે જ્યોતિષી કહે કે, તમારે ધંધો નહિ જ જામે. તો શું ધંધો કરવાનું છોડી દો ?

● છોકરો Examમાં Fail જ થશે, તો શું ભણાવવાનું છોડી દો ?

● દીકરીને પતિ વિચિત્ર જ મળશે, તો શું આખી જિંદગી ઘરે બેસાડી રાખો ?

● કો'ક મોટી માંદગી ૨ વર્ષ નહિ જ મટે. તો શું દવા લેવાનું છોડી દો ?

● દીકરાની વહુ ઝઘડાખોર આવશે અને છૂટાછેડા થશે. તો શું છોકરાને આખી જિંદગી લગ્ન પણ નહિ કરાવો ને ?

જ્યોતિષીનો આવો ફળાદેશ સાંભળ્યા પછી પણ જો તમારું હૈયું અંદરથી એમ જ કહેતું હોય કે 'ભલે ! એ તો કહે. પણ એની વાતો માત્રથી આપણે કાંઈ આ બધું છોડી ના દેવાય. આપણે તો આપણી રીતે યોગ્ય પુરુષાર્થ કરવાનો જ' તો પછી તમારે દીક્ષા બાબતમાં પણ આવું જ વિચારવું એ શું યોગ્ય ન કહેવાય...

શા માટે એ અંગે જ્યોતિષનાં વચનનાં આધારે પુરુષાર્થ છોડી

દેવો ?

હજી એક વાત.

● આ કલિકાલ છે. અહીં વર્તતા તમામ જીવો ઓછા-વત્તા અંશે રાગ-દ્વેષ અને અજ્ઞાનથી ભરેલા છે. જ્યોતિષી પણ આમાંથી બાકાત નથી.

● જ્યોતિષ શાસ્ત્રો ઘણાં વિચ્છેદ પામ્યા છે.

● જે મળે છે તેમાં પણ બધામાં સમાનતા નથી.

● વળી તે-તે શાસ્ત્રનાં સાંગોપાંગ જ્ઞાતા બહુ ઓછા છે.

● જે-તે ફળાદેશ અંગેની અખંડ આમ્નાય બહુ ઓછા પાસે છે.

● એક જ કુંડળી ચાર જ્યોતિષીને બનાવો તો ચારેયનો મત અલગ પડતો હોય છે.

● કેટલાંક તો નવાં નિશાળીયા જેવા 'વાગે તો તીર, નહિતર તુક્કો' આવું વલણ ધરાવનારા ય હોય છે.

અને આ બધા કરતાં વધુ મહત્ત્વનું કારણ એ કે –

કદાચ જ્યોતિષ શાસ્ત્ર, જ્યોતિષી એનાં દ્વારા કરવામાં આવતો ફળાદેશ બધુ જ હાલ ભલે સાચું હોય પણ છતાંય આ ફળાદેશમાં પુરુષાર્થ દ્વારા ફેરફાર કરવો શક્ય છે જ.

માટે ક્યારેય આત્મોત્થાનનાં શુભકાર્યમાં આવા કો'ક નિમિત્તને લઈને પ્રમાદ-ઉપેક્ષા કરવા જેવા નથી.

● આપણાં જ્યોતિષી એટલે આપણા સંવિગ્ન-જ્ઞાની ગુરુભગવંત.

● આપણો ફળાદેશ એટલે ગુરુભગવંતે આપણા માટે કહેલી વાતો.

● આપણું જ્યોતિષશાસ્ત્ર એટલે આપણો જાત અનુભવ. એ શું કહે છે તેટલું જ વિચારવું.

આ સિવાય બીજે ક્યાંય ૧૦૦% શ્રદ્ધા રાખવા જેવી નથી.

**પ્રશ્ન ૧૫** **ભગવાને જેમ સર્વવિરતિ ધર્મ બતાવ્યો છે તેમ દેશવિરતિ ધર્મ પણ બતાવ્યો જ છે ને. તો પછી સર્વવિરતિ માટેનો આટલો ભાર શા માટે ?**

ઉત્તર : તમારી વાત સાચી છે.

સાધુધર્મ અને શ્રાવકધર્મ બન્ને પ્રકારનાં ધર્મ ભગવાને બતાવ્યા જ છે. પણ ભગવાને શિવનગરનાં પૂર્ણમાર્ગ તરીકે સાધુધર્મને જ બતાવ્યો છે.

सम्यग्दर्शनज्ञानचारित्राणि मोक्षमार्गः ।

( तत्त्वार्थसूत्र )

જે જીવો આ માર્ગે પૂર્ણપણે ચાલી શકે તેમ નથી જ, તેવા જીવો પણ થોડા-ઘણાં અંશે મોક્ષમાર્ગે આગળ વધી શકે તે માટે અપવાદે બીજો માર્ગ બતાવ્યો છે.

પ્રથમ માર્ગ ઍરોપ્લેનની ઝડપે મોક્ષે પહોંચાડે છે.

બીજો માર્ગ સાયકલની ઝડપે મોક્ષ તરફ આગળ વધારે છે.

આ રહ્યા કેટલાંક શાસ્ત્રપાઠો...

यः पुरुषो निर्मलज्ञानदर्शनचारित्रैः संयुक्तो भवति
स संसारसमुद्रं तरित्वा स्तोककालेन मोक्षं गच्छति ।

( गौतमपृच्छा )

જે આત્મા શુદ્ધ રીતે સમ્યગ્જ્ઞાન - દર્શન અને ચારિત્રની આરાધના કરે છે તે આત્મા સંસારસાગરને તરીને અલ્પકાળમાં જ મોક્ષ પામી જાય છે.

चारित्ररत्नान्न परं हि रत्नं,
चारित्रवित्तान्न परं हि वित्तम् ।
चारित्रलाभान्न परो हि लाभः,
चारित्रयोगान्न परो हि योगः ॥

(મૌન એકાદશી માહાત્મ્ય)

દુનિયામાં જો કોઈ સાચું રત્ન છે તો એ ચારિત્ર છે,

દુનિયામાં જો કોઈ સાચું ધન છે તો એ ચારિત્ર છે,

દુનિયામાં જો કોઈ સાચો લાભ ગણાતો હોય તો તે ચારિત્રનો લાભ છે,

દુનિયામાં જો કોઈ સાચો યોગ છે તો એ પણ ચારિત્ર જ છે...

एगदिवसंपि जीवो पव्वज्जमुवागओ अनन्नमणो ।
जइ वि न पावइ मुक्खं अवस्स वेमाणिओ होइ ॥

(उपदेशमाळा-९०)

એક દિવસ માત્ર માટે પણ અતિચારશૂન્ય ચારિત્રને પાળનાર જીવ સિદ્ધિગતિને પામે છે. કદાચ કાળ-સંઘયણ આદિનાં પ્રભાવે મોક્ષ ન પામે તો પણ અવશ્ય વૈમાનિક દેવલોકમાં સ્થાન પામે છે.

सम्मत्तदेसविरई पलियस्स असंखभागमेत्ताओ ।
अट्ठभवा उ चरित्ते ।

(आवश्यक निर्युक्ति - ८५६)

સમગ્ર ભવ ચક્રમાં એક જીવ ભાવ સમ્યક્ત્વનાં અને ભાવ દેશવિરતિના વધુમાં વધુ અસંખ્ય ભવ પામી શકે છે.

જ્યારે ભાવ સર્વવિરતિના વધુમાં વધુ સાત થી આઠ ભવ પામે છે. એટલે કે ત્યારબાદ તે જીવ સંસારમાં રહી શકતો નથી તેનો અવશ્ય મોક્ષ થઈ જ જાય.

સાચા સાધુપણાના વધુમાં વધુ સાતથી આઠ જ ભવ અને પછી નિયમા મોક્ષ.

सव्वमवि तेण कयं, तव-संजमुज्जमंतेणं ।

જે તપ અને સંયમમાં ઉદ્યમશીલ છે તેણે બધા જ ધર્મો કરી લીધા છે. સાચા સંયમનાં પાલનમાં દાન-શીલ-તપ અને ભાવ ચારેય પ્રકારનાં ધર્મો સમાઈ જાય છે.

અને

માટે જ શ્રી ધર્મદાસગણિવર જણાવે છે કે,

भवसयसहस्सदुलहे, जाइ-जरा-मरणसागरुत्तारे ।
जिणवयणम्मि गुणागर ! खणमवि मा काहिसि पमायं ॥
(उपदेशमाळा-१४४)

હે ગુણભંડાર આત્મન ! લાખો-કરોડો ભવે પણ જેને પામવા મુશ્કેલ છે, વળી જે જન્મ-રોગ-ઘડપણ અને મૃત્યુનાં પંજામાંથી હંમેશા માટે છોડાવનાર છે એવા સર્વજ્ઞ-વીતરાગી ભગવંતના વચનને પામીને હવે એક ક્ષણ માટે પણ પ્રમાદ કરીશ નહિ.

આમ, અનેક રીતે સર્વવિરતિધર્મ જ સર્વશ્રેષ્ઠ છે. જો કોઈ એમ કહેતું હોય કે બધા જ દીક્ષા લઈ લેશે તો પછી શ્રાવક કોણ બનશે ? આવું બોલનારા હકીકતમાં કશું સમજ્યા જ નથી. આ આનાં જેવો પ્રશ્ન છે કે 'જો બધા જ અબજો કમાશે તો હજારો કોણ કમાશે ?'

જેની અબજો કમાવવાની શક્તિ જ નથી. એ પણ ભૂખે ન મરે તે માટે અબજો કમાવવાનાં ઊંચા લક્ષ્ય સાથે પણ હજારો કમાય. તેમ જેની સાધુપણાંને પાળવાની શક્તિ જ નથી. તેઓ સાધુપણાંને પામવાનાં લક્ષ્ય સાથે શ્રાવકધર્મને સ્વીકારે...

– x – x –

જેની પાસે 'શું છે ?'
એ ય પ્રશ્ન છે, અને
જેની પાસે 'શું નથી ?'
એ ય પ્રશ્ન છે.
એવી અદ્ભુત અજાયબીનું નામ છે
**શ્રમણ...**

**પ્રશ્ન-૧૯** સાહેબજી ! અમે સંસારમાં ખૂબ સુખી છીએ. કોઈ વાતે જીવનમાં તકલીફ નથી. શરીર સારું છે, પરિવાર સારો છે, આર્થિક દૃષ્ટિએ ખૂબ સદ્ધર છીએ. સમાજમાં પણ સારી પ્રતિષ્ઠા છે. હવે અમે અહીં જ જો સુખી છીએ તો પછી મળેલા સુખને છોડી દેવાનું અને બીજા સુખની પ્રાપ્તિ માટે સાધનાનાં માર્ગે જવાનું - આ કેવું વિચિત્ર લાગે.

હા. સંસારમાં કોઈ તકલીફ હોય અને પછી તેનાંથી કંટાળીને સુખી થવા સંયમ સ્વીકાર કરો તો હજી યે બરાબર કહેવાય. આ જ વાત હું મારા દીકરાને સમજાવું છું. પણ છતાંય એ દીક્ષાની જ માંગણી કર્યા કરે છે.

ઉત્તર : શાસ્ત્રકાર ભગવંતો આ પ્રશ્નનો સચોટ જવાબ આપે છે કે –

'सुखं धर्मात् दुःखं पापात्'

જીવને સંસારમાં જે કાંઈ પણ સુખ છે એ બધું જ સુખ ધર્મનાં પ્રભાવે છે. એટલે કે આ ભવમાં કે પૂર્વનાં ભવોમાં જે કાંઈ પણ ધર્મ આરાધના કરી છે તેમાંથી પ્રાપ્ત થયેલાં પુણ્યના પ્રભાવે આ સુખ છે.

પછી કોઈ ભલે આને નસીબ કહે, Luck કહે કે ભાગ્ય કહે અંતે આ બધું સમાનાર્થી જ છે. માટે

જ્યાં સુધી પુણ્ય છે ત્યાં સુધી શારીરિક સુખ છે.
જ્યાં સુધી પુણ્ય છે ત્યાં સુધી માનસિક સુખ છે.
જ્યાં સુધી પુણ્ય છે ત્યાં સુધી આર્થિક સુખ છે.
જ્યાં સુધી પુણ્ય છે ત્યાં સુધી પારિવારિક સુખ છે.
જ્યાં સુધી પુણ્ય છે ત્યાં સુધી સામાજિક સુખ છે.

પણ, આ પુણ્યથી મળતાં સુખમાં મોહાવા જેવું નથી. કેમ કે આ પુણ્ય એ વઢકણી વહુ જેવું છે.

સીધું ચાલે ત્યાં સુધી સીધું.

વિફરે પછી કાંઈ છોડે નહિ.

કહેવાય છે કે - अव्यवस्थितचित्तानां प्रसादोऽपि भयङ्करः ।

જેમ ગાંડો માણસ પગ દબાવે અને સેવા કરે તો'ય ખુશ થવા જેવું નથી કેમ કે અત્યારે ભલે પગ દબાવે છે પણ વિફરશે તો ગળું ય દબાવી નાંખશે.

તેમ પુણ્ય અત્યારે સાથે છે એટલે સુખ છે પણ એમાં મોહાવા જેવું નથી. જેવું આ પુણ્ય વિફરશે - મોં ફેરવી લેશે એટલે લોહીનાં આંસુએ રોવાનાં દિવસો આવી જશે.

વિશ્વાસ ના હોય તો પૂછો એવા વ્યક્તિને જેમનું પુણ્ય પરવારી ચૂક્યું છે, કે ભાઈ ! સંસાર કેવો છે ? સંસારમાં સુખ ક્યાં છે ?

- Accident માં અપંગ થઈ ગયેલા એ વ્યક્તિને પૂછો કે સુખ ક્યાં ?
- મશીનમાં કપાઈ ગયેલા હાથવાળા Worker ને પૂછો કે સુખ ક્યાં છે ?
- તાવથી ધગધગતું શરીર હોવા છતાંય તેની સારવાર ન કરાવી શકતા ગરીબને પૂછો કે સુખ ક્યાં છે ?
- અનાથ બની ચૂકેલા નાનકડા બાળકને પૂછો કે સુખ ક્યાં છે ?
- ઘરડાઘરમાં કણસતાં મા-બાપને પૂછો કે સુખ ક્યાં છે ?
- વંઠેલ અને ઉદ્ધત દીકરાની ગાળો સાંભળતા અને માર ખાતા પિતાને પૂછો કે સુખ ક્યાં છે ?
- દેવામાં ડૂબી ગયેલા ગૃહસ્થને પૂછો કે સુખ ક્યાં છે ?
- ધંધામાં પાયમાલ થયેલા વેપારીને પૂછો કે સુખ ક્યાં છે ?
- ૪ ડીગ્રી તાવમાં પણ મજબૂરીથી મજૂરી કરતાં મજૂરને પૂછો કે સુખ ક્યાં છે ?
- ગળા સુધી ડૂબીને મ્યુનિસિપાલિટીની ગટર સાફ કરનાર ભંગીને પૂછો કે સુખ ક્યાં છે ?
- રોજ ભૂખ્યા પેટે સુતાં ગરીબ બાળને પૂછો કે સુખ ક્યાં છે ?

- ગર્ભપાતમાં પોતાનાં મા-બાપની પ્રેરણાથી કપાતાં સંતાનોને પૂછો કે સુખ ક્યાં છે ?
- વગરવાંકે કોર્ટનાં ચક્કર ખાનારાં સજ્જનને પૂછો કે સુખ ક્યાં છે ?
- School માં Teacher નો ઢોર માર ખાનારાં Students ને પૂછો કે સુખ ક્યાં છે ?
- College માં રેગીંગનો ભોગ બનેલા જુનીયર ને પૂછો કે સુખ ક્યાં છે ?
- દીકરા-દીકરીએ કરેલા ધજાગરાથી ઉજાગરા કરતાં મા-બાપને પૂછો કે સુખ ક્યાં છે ?
- ટાટા Hospital માં રીબાતાં Cancer નાં દર્દીઓને પૂછો કે સુખ ક્યાં છે ?
- વર્ષોથી જીવતી લાશની જેમ કોમાંમાં રહેલા વ્યક્તિને પૂછો કે સુખ ક્યાં છે ?
- નાની વયમાં વિધવા બનેલી સ્ત્રીને પૂછો કે સુખ ક્યાં છે ?
- ટ્રેનનાં પાટા નીચે આપઘાત કરનારાં કમભાગીને પૂછો કે સુખ ક્યાં છે ?
- નોકરી-ધંધો ન મળનાર બેકારને પૂછો કે સુખ ક્યાં છે ?
- સાસુ-સસરા-પતિ-પુત્રો માટે જાત ઘસી નાંખવા છતાં અપયશ મેળવનાર પુત્રવધૂને પૂછો કે સુખ ક્યાં છે ?
- પૂરમાં તણાઈ ગયો છે આખો પરિવાર જેનો એવા એ વ્યક્તિને પૂછો કે સુખ ક્યાં છે ?
- ભૂકંપમાં બેઘર બનેલા પરિવારને પૂછો કે સુખ ક્યાં છે ?
- દુષ્કાળમાં મરવાનાં વાંકે જીવતાં લોકોને પૂછો કે સુખ ક્યાં છે ?
- આગ લાગી ગઈ છે આખી દુકાનમાં જેને એવા વેપારીને પૂછો કે સુખ ક્યાં છે ?
- વરસાદ ન પડવાથી કંગાળ બનેલા ખેડૂતને પૂછો કે સુખ ક્યાં છે ?
- બૉમ્બ વિસ્ફોટનો ભોગ બનેલા લોકોને પૂછો કે સુખ ક્યાં છે ?

- પતિનાં હાથનો માર ખાનાર પત્નીને પૂછો કે સુખ ક્યાં છે ?
- અબજો રૂપિયા હોવા છતાં રાતે સૂવા માટે ઊંઘની ગોળીઓ ખાનારા અબજોપતિને પૂછો કે સુખ ક્યાં છે ?
- વિશ્વાસઘાતનો ભોગ બનેલા પાર્ટનરશીપનાં ધંધાવાળાને પૂછો કે સુખ ક્યાં છે ?
- 'હવે યમરાજ જલ્દી ઉપાડી લે તો સારું' આવી પ્રાર્થના કરનાર વૃદ્ધને પૂછો કે સુખ ક્યાં છે ?
- પતંગ ચગાવતાં ટેરેસ પરથી નીચે પટકાયેલા બાળકને પૂછો કે સુખ ક્યાં છે ?
- રોકેટનાં કારણે આગ લાગેલ ઝુંપડાવાળાને પૂછો કે સુખ ક્યાં છે ?
- નદીમાં ડૂબી ગયેલ વ્યક્તિને પૂછો કે સુખ ક્યાં છે ?
- ઘરે-ઘરે ભીખ માંગતા ભિખારીને પૂછો કે સુખ ક્યાં છે ?
- કરોડપતિમાંથી રોડપતિ બનેલા એ વ્યક્તિને પૂછો કે સુખ ક્યાં છે ?
- અનેક ટ્રાયલ આપવા છતાં C.A. ન બની શકનાર Students ને પૂછો કે સુખ ક્યાં છે ?
- ૧૪-૧૪ કલાક Driving કરતાં Driver ને પૂછો કે સુખ ક્યાં છે ?
- આંખની દૃષ્ટિ ગુમાવી ચૂકેલા વ્યક્તિને પૂછો કે સુખ ક્યાં છે ?
- સ્વાર્થી પરિવારને ઓળખી ચૂકેલ માણસને પૂછો કે સુખ ક્યાં છે ?
- 'વ્યવહાર'નાં નામે ખેંચાતાં સજ્જનને પૂછો કે સુખ ક્યાં છે ?
- રીમાન્ડ પર લેવાતાં વ્યક્તિને પૂછો કે સુખ ક્યાં છે ?
- શોટસર્કિટમાં જેનું ઘર સળગી ગયું છે એને પૂછો કે સુખ ક્યાં છે ?
- રસોડામાં સિલિન્ડર ફાટી જવાથી સળગી ગયેલ શરીરવાળાને પૂછો કે સુખ ક્યાં છે ?
- પગ નીચે કચડાઈ જતી કીડીને પૂછો કે સુખ ક્યાં છે ?
- બારીની ફાંટમાં બે ટુકડા થઈ જતી ગરોળીને પૂછો કે સુખ ક્યાં છે ?
- પતંગની દોરીથી કપાતાં લાખો પક્ષીઓને પૂછો કે સુખ ક્યાં છે ?

- ધડાકાંનાં અવાજે ગભરાઈ ગયેલા કબૂતરને પૂછો કે સુખ ક્યાં છે ?
- આખી જીંદગી વિના વિરોધે ઠંડી-ગરમી-વરસાદને સહન કરતાં ઝાડને પૂછો કે સુખ ક્યાં છે ?
- Swimming Pull & Water Park માં તમારા હાથે મોત પામતાં એક-એક પાણીનાં ટીપાંને પૂછો કે સુખ ક્યાં છે ?
- લોકોની Carની હડફેટમાં આવતાં કુતરા અને બિલાડીને પૂછો કે સુખ ક્યાં છે ?
- A.C. અને પંખામાં કપાતાં અસંખ્ય વાયુકાયને પૂછો કે સુખ ક્યાં છે ?
- Walking માટે નીકળેલાનાં લોખંડી પંજા નીચે ચગદાતા Gardenનાં ઘાસને પૂછો કે સુખ ક્યાં છે ?
- કતલખાનામાં કરપીણ હત્યા પામતાં પશુને પૂછો કે સુખ ક્યાં છે ?
- માછીમારની જાળમાં ફસાયેલી માછલીને પૂછો કે સુખ ક્યાં છે ?
- સૂપ બની જતાં ચિકનને પૂછો કે સુખ ક્યાં છે ?
- જ્યૂસ બની જતાં Fruit ને પૂછો કે સુખ ક્યાં છે ?
- પાણી સંગ્રહાલયમાં કેદ થયેલા સિંહ-વાઘને પૂછો કે સુખ ક્યાં છે ?
- ભૂખ-તરસને રડતી આંખે સહન કરતાં બળદને પૂછો કે સુખ ક્યાં છે ?
- વિદેશીઓનાં ભોજન માટે Export થતાં Live ઘેટાં-બકરાંને પૂછો કે સુખ ક્યાં છે ?
- મદારીનાં હાથમાં સપડાયેલા સાપને પૂછો કે સુખ ક્યાં છે ?
- એલોપથીનાં Experiment માં રીબાતાં ઉંદર અને સસલાંને પૂછો કે સુખ ક્યાં છે ?
- કીડાઓથી ખદબદતાં શરીરવાળી ગાયને પૂછો કે સુખ ક્યાં છે ?

- વિરતિથી ધરાર વંચિત દેવલોકનાં સમ્યક્ત્વી દેવોને પૂછો કે સુખ ક્યાં છે ?
- ઈર્ષ્યાનાં કારણે અંદરને અંદર સળગી રહેલા દેવને પૂછો કે સુખ ક્યાં છે ?
- મરણ પછી પોતાનાં પર આવનારા નવા સીમાતીત દુઃખોને જોનારા દેવને પૂછો કે સુખ ક્યાં છે ?
- ઈન્દ્રની આજ્ઞાથી હાથી બનનારા એ હલકાં દેવને પૂછો કે સુખ ક્યાં છે ?
- લોહી-પરુથી ખદબદતી વૈતરણી નદીમાં પડેલાં નારકને પૂછો કે સુખ ક્યાં છે ?
- પરમાધામીનાં હાથે પીલાતાં એ નારકને પૂછો કે સુખ ક્યાં છે ?
- થર્મોમીટર ફાટી જાય એવા ધગધગતાં તાવવાળાએ નારકને પૂછો કે સુખ ક્યાં છે ?
- સીમાતીત અને કલ્પનાતીત દુઃખોને હજારો-લાખો-કરોડો-અસંખ્ય વર્ષ સુધી ભોગવતાં એ નારકોને પૂછો કે સુખ ક્યાં છે ?

ખરેખર,

सारा संसार है दुःखी, जगमें सच्चा संत सुखी ॥

હવે આ ભવમાં જો બાંધેલા પાપોનો નાશ નહિ કરીએ. ધર્મારાધનાં દ્વારા નવા પુણ્યને ઉપાર્જન નહિ કરીએ તો ઉપર બતાવેલ સ્થાનમાં ક્યાંકને ક્યાંક આપણો નંબર પણ ચોક્કસ લાગવાનો જ.

જો આપણી તે માટે કોઈ જ તૈયારી નથી તો ભલે અત્યારે પૂર્વકૃત પુણ્યનાં ઉદયે સુખ હોય તો પણ પ્રવ્રજ્યા લેવી જ રહી કેમ કે,

दीक्षायाः भवान्तरकृतपापानां प्रायश्चित्तरूपत्वात् ।

*સંયમ એ ભૂતકાલીન પાપોનાં નાશ માટે અણુબોમ્બ સમાન છે. દુઃખનું કારણ પાપ છે. પાપનાં નાશ માટે પ્રવ્રજ્યા છે.* દુઃખ આવે અને પછી રડવા બેસવું એનાં કરતાં દુઃખ આવે એ પહેલાં જ એનાં

કારણને ઉખેડી નાંખવું એ વધુ બહેતર છે.

ડહાપણ પણ આમાં જ છે અને શાણપણ પણ.

કો'કે બહુ માર્મિક વાત કરી છે કે,

"શું મળે મરતાં સુધી આ માનવીને દુઃખ વિના,
જન્મતાં જેને જગે પહેલાં રુદન કરવું પડે."

થોડાં સમય પહેલાંની વાત છે.

Mumbai – વાલકેશ્વર - કલ્પતરું Building - ૧૪માં માળેથી અબજોપતિની પુત્રવધુ 'ભારતી'એ કુદીને આપઘાત કર્યો.

કહો, શું ન હોતું એ અબજોપતિની પુત્રવધુ પાસે ?

ભૂલથી પણ એવું વિચારતાં નહિ કે રૂપિયા છે તો સુખ છે. આ બહુ મોટી ભ્રમણા છે. જેમાં અંતે રુદન સિવાય કશું જ નથી.

રે મન્ ! અવસર ગયો બિતાઈ,
કીકી કાંઈ જોતાં શીખી ત્યાં પાંપણ ગઈ બિડાઈ.

આવી દયનીય સ્થિતિ તમારી ન થાય તે માટે ખૂબ જ સાવચેત રહેજો.

બાકી જો સંસારમાં દુઃખી જીવો માટે જ દીક્ષા લેવા જેવી હોય, સુખી જીવો માટે નહિ તો પ્રથમ શ્રી ઋષભદેવ ભગવાન અને બીજા શ્રી અજિતનાથ ભગવાનની વચ્ચે '૫૦ લાખ કરોડ સાગરોપમ' નો સમય હતો. અને તે સમગ્ર કાળમાં થયેલા બધાં જ રાજાઓએ દીક્ષા લીધી છે. એ યોગ્ય ન ગણાત.

કેમ કે એ અસંખ્ય રાજાઓને દુઃખ શું હતું ?

● વળી ચોવીસેય તીર્થંકરો રાજકુળમાં જન્મ્યા હતા. છતાંય બધા જ તીર્થંકરોએ દીક્ષા લીધી જ છે.

● પ્રભુ શાસનમાં થયેલા ધન્નાજી – શાલિભદ્રજી વગેરે તથા બીજા અનેક રાજા-મહારાજા-શેઠ-શાહુકારોએ દીક્ષા લીધી છે. તે બધા પાસે પણ અમાપ સુખ-સાહ્યબી હતી જ.

● વર્તમાનમાં પણ ખાનદાન કુળનાં, ધનાઢ્ય કુળનાં નબીરાઓ આ સંયમમાર્ગે પદાર્પણ કરી જ રહ્યા છે.

માટે એ વાત તો નક્કી જ છે કે સંસારમાં ભલે ને ગમે તેટલી સુખ-સાહ્યબી હોય છતાંય લેવા જેવું તો સંયમ જ છે. આ બધાં તેનાં જ્વલંત દૃષ્ટાંતો છે.

શાસ્ત્રો તો ત્યાં સુધી કહે છે કે –

सव्वगंथविमुक्को सीईभूओ पसंतचित्तो य ।

जं पावइ मुत्तिसुहं न चक्कवट्टी वि तं लहइ ॥

(પરમપવિત્ર આગમગ્રંથ શ્રી ભક્તપરિજ્ઞા પ્રકીર્ણક - ૧૩૪)

રાગ-દ્વેષની ગાંઠોથી મુક્ત થયેલા, પ્રશાંત-ઉપશાંત એવા મુનિ ભગવંત જે સુખને અનુભવે છે તેનું સુખ તો છ ખંડનાં અધિપતિ એવા ચક્રવર્તીની પાસે પણ હોતું નથી.

આખી દુનિયા જીવનભર બહાર ભટક્યા કરે છે. હોટલ - થિયેટર - મોલ - હીલસ્ટેશન - ગાર્ડન - વૉટરપાર્ક - ફૅર - પ્લૅ ગ્રાઉન્ડ વગેરે વગેરે. છતાંય આખી દુનિયા સરેરાશ દુઃખી છે. આ હકીકત એ સાબિત કરે છે કે સાચુ સુખ બહાર નથી. અંદર આત્મામાં છે. માટે જે આત્મિક સુખની ઝાંખી પણ પામી શક્યા નથી. તેવા જીવો બાહ્ય પદાર્થોમાં 'સુખ' માની બેસે છે. પરિણામે વહેલા કે મોડા મોટા દુઃખની ખાઈમાં પડે છે.

શ્રી ઉપદેશ રહસ્યમાં મહોપાધ્યાય શ્રી યશોવિજયજી મ.સાહેબ જણાવે છે

तिमिरहरा जइ दिट्ठी जणस्स दीवेण णत्थि कायव्वं ।

तह सोक्खं सयमाया विसया किं तत्थ कुव्वंति ॥

श्लोक-७०

જેની આંખોમાં જ તેજ રહેલું છે તેને જેમ દીવાનું કોઈ પ્રયોજન નથી. જેમ કે બિલાડી. તેમ જે આત્માને અંદરથી જ સુખ મળી રહ્યું હોય તે આત્મા બાહ્ય પદાર્થોમાં સુખ મેળવવા વલખાં શા માટે મારે ???

માટે દુઃખનાં મૂળ 'પાપ'નો વિનાશ કરવા, સુખનાં મૂળ

પુણ્યને તથા ગુણોને વધારવા માટે સંયમ સ્વીકાર જેવો બીજો કોઈ જ શ્રેષ્ઠ વિકલ્પ નથી. જેને સુખ જોઈએ પણ સંયમ ન જોઈએ. એ વ્યક્તિ માટે મબલખ પાક જોઈએ, પણ બીજનું વાવેતર ન જોઈએ અને વરસાદ જોઈએ, પણ વાદળ ન જોઈએ એવો ઘાટ ઘડાય છે.

કહેવાયું છે કે

**बीएण विणा सस्सं इच्छइ सो वासमब्भएण विणा ।**

તમે ખૂબ સમજુ બનો અને સાચી સમજણ સાથે સન્માર્ગ ગામી બનો. બસ, એ જ ભાવના...

દોડતા'તા ત્યારે લાગતું હતું કે,
આપણા જેવું સમર્થ કોઈ નથી.
સહેજ નવરાં પડ્યાં ત્યારે લાગ્યું કે,
આટલું દોડ્યા એનો
કોઈ અર્થ નથી...

આપણે કાંઈ પણ શોધવું હોય
તો
એની પાછળ આપણે ખોવાવું પડે.

**પ્રશ્નક્રમાંક-૧૭ એનાં કાકા-માસી એ બધા, વળી આડોશી-પાડોશી 'ના' પાડે છે. અમારું મન એટલે કચવાય છે.**

ઉત્તર : અજ્ઞાની-કર્મપરવશ જીવો ખોટી સલાહ આપે એ માનવી બિલકુલ જરૂરી નથી. જો તમારા પરિવારમાંથી દીક્ષા થશે તો, તમારું કુળ તરી જશે. દુનિયા તો દો રંગીલી છે. આજે આમ બોલે અને કાલે તેમ બોલ... એનાં વચન સાંભળીને આપણે સન્માર્ગનો ત્યાગ ન કરવો.

ते धन्ना ते साहू तेसिं पसंसा सुरेहिं किज्जति ।
जेसिं कुटुम्बमज्झे पुत्ताइ लिंति पव्वज्जं ॥

*તેઓ ધન્યવાદને પાત્ર છે, તેઓ પુણ્યભંડાર છે, દેવલોકનાં દેવો પણ તેમની બે મોંએ પ્રશંસા કરે છે કે જેનાં પરિવારમાંથી પુત્ર વગેરે પ્રવ્રજ્યાને સ્વીકારે છે.*

આવા સુવર્ણ અવસરને લોકવચન માત્રથી ચૂકી ન જવાય. દીકરો તમારો છે, જન્મ તમે આપ્યો છે, પાલન પોષણ કરીને મોટો તમે કર્યો છે, એનામાં સુસંસ્કારોનું સિંચન તમે કર્યું છે, એનાં માટે તમે ભરપૂર ભોગ આપ્યો છે, એ દીકરા પર તમારો પૂર્ણપણે અધિકાર છે. અન્ય વ્યક્તિઓનો એમાં શું અધિકાર ??? એનાં જીવન અંગે - અને ભવિષ્ય અંગે - એનાં આલોક અને પરલોક સંબંધી હિત અંગે તમારી જવાબદારી છે. એ જવાબદારીનાં પાલનમાં કોઈ વિઘ્નભૂત બનતું હોય તો એ વ્યક્તિની ઉપેક્ષા કરાય. જવાબદારી ન ચૂકાય.

મારે સંયમમાં વિઘ્નો ઊભા કરનારા કાકા અને માસી વગેરેને કહેવું છે કે, શા માટે તમે વગર કારણે અંતરાયકર્મ બાંધો છો ?

પ્રભુ નેમિનાથનાં જીવનચરિત્રમાં એક વાત આવે છે કે,

નેમિનાથ ભગવાન લગ્નની જાન પાછી વાળી દે છે. અને આ બાજુ નેમિનાથ ભગવાનનાં માતા-પિતા રોકક્કળ મચાવી દે છે. દીક્ષા

માટે અનુમતિ દર્શાવતાં નથી. આવા સમયે નવલોકાંતિક દેવો સમુદ્રવિજય અને શિવાદેવી વગેરેને સમજાવે છે -

स्वामी वार्षिकदानानन्तरं त्रिभुवनमानन्दयिष्यतीति समुद्रविजयादीन् प्रोत्साह्यन्ति स्म ।

(श्री कल्पसूत्र-सप्तम क्षण)

હે સમુદ્રવિજય રાજા ! આપના સુપુત્ર ત્રિભુવનનાં સ્વામી છે.

- તેઓ શાસનની સ્થાપના કરવા દ્વારા ભવ્યજીવોનાં તારક બનશે.
- ભવ્યજીવોને અનંતાદુ:ખથી મુક્ત કરવા માટે પ્રભુ શાસનસ્થાપના કરી શકે તે માટે આપ સહર્ષ અનુમતિ આપો.
- અનુમતિપ્રદાન કરવા દ્વારા આપ પણ પુણ્યાનુબંધિ પુણ્યને ઉપાર્જિત કરશો.
- જગતનાં જીવો આપનાં ઉપકારને પણ યાદ કરશે.
- ત્રિભુવનને આનંદ આપતાં નેમિનાથ ભગવાનને જોઈને આપ પણ અતિ-અતિ-અતિ આનંદિત થશો.
- આપ આ સુકૃતની અનુમોદના કરી-કરીને પણ નિકટમુક્તિ ગામી બનશો.
- આપનાં આત્માનું પણ સાચા અર્થમાં કલ્યાણ થશે.
- આપનાં સુપુત્ર જો આટલાં સત્ત્વશાળી હોય તો આપે તો સત્ત્વ કેળવવું જ રહ્યું.
- આપ સહર્ષ અનુમતિ આપો અને પ્રભુનાં સાંવત્સરિક દાનનો શુભારંભ કરાવો.

આવી અનેક રીતે લોકાંતિક દેવો માતા-પિતા વગેરેને પ્રભુને સંયમસ્વીકારમાં અનુમતિ આપવા માટે સમજાવે છે અને અંતે સહુ સહર્ષ અનુમતિ આપે છે.

આ વાત પરથી મારે એટલું જ કહેવું છે કે,

શું તમે પણ નવ લોકાંતિક દેવોનું અનુકરણ ન કરી શકો ?

શું તમે દીક્ષાર્થીનાં માતા-પિતાને Positive સમજાવી ન શકો ?

શું તમે તેમનાં સત્ત્વ વૃદ્ધિ માટે, મોહ વિનાશ માટે ઉત્સાહભર્યા

વચન ન ઉચ્ચરી શકો ?

શું તમે એક આત્માની મુક્તિયાત્રામાં યથાશક્તિ સહાયક ન બની શકો ?

યાદ રાખજો...

सतां पथा प्रवृत्तस्य तेजोवृद्धि रवेरिव ।

यदृच्छया प्रवृत्तस्य रुपनाशोऽस्ति वायुवत् ।

(अष्टक प्रकरण-१७)

*સત્પુરુષોનાં માર્ગે ચાલનારા હંમેશા ઉચ્ચસ્થાનને પામે છે અને પોતાની મનઘડંત વિચારધારાને અનુસરનારો સંસારમાં ક્યાંય ખોવાઈ જાય છે એની અતિબેહાલ દશા માત્ર થાય છે.*

તમે પણ શક્ય હોય તો ભગવાનનાં માર્ગે ચાલો. તે શક્ય ન જ બને તો લોકાંતિક દેવો જે માર્ગે ચાલ્યા તે માર્ગે ચાલો. આ સિવાયનો ત્રીજો કોઈ જ માર્ગ નથી. બીજા બધા જ ઉન્માર્ગ છે. જે ઉન્માર્ગ જ તમને ક્યાં પહોંચાડી દેશે એ તમે પણ નહિ કલ્પી શકો. તમે તમારા પોતાનાં સુખ-કલ્યાણ-હિત માટે પણ આવાં ઉન્માર્ગેથી પાછા વળો અને સન્માર્ગને અનુસરો એ જ અભિલાષા.

અવશેષ દૂર થઈ જાય તો
શિલા એ જ શિલ્પ છે.
દોષો દૂર થઈ જાય તો
આત્મા એ જ પરમાત્મા છે.
અને દોષોને દૂર કરનારું
અમોઘ સાધન છે... **સંયમ**

**પ્રશ્ન-૧૮** 'દીક્ષા બાદ કદાચ અમારા દીકરા મ.સાહેબને કો'ક બિમારી આવી જાય તો એવા સમયે એ સચવાઈ તો જશે ને ?' આવી ચિંતા રહ્યા કરે છે.

ઉત્તર : આપનો આપનાં દીકરા પ્રત્યેનો સ્નેહ આપને આવો વિચાર કરાવે છે. ભલે, વાંધો નહિ. આ અંગે પણ આપ નિશ્ચિંત રહેજો. પરમાત્માનું શાસન જયવંતુ છે.

પરમાત્મા પોતાના શરણે આવેલાંને કોઈ જ તકલીફ ન પડે એ માટે બધી જ વ્યવસ્થા કરી ગયા છે.

અને માટે જ શાસ્ત્રોમાં ઠેર-ઠેર બાળ-વૃદ્ધ-ગ્લાન અને તપસ્વીની સેવા કરવા અંગેનાં વિધાનો જોવા મળે છે.

આની ઉપેક્ષા કરનારાં સાધુને પ્રાયશ્ચિત્ત પણ બતાવ્યું છે. આમાં પણ ગ્લાન-બિમાર સાધુની સેવા અંગે તો પરમાત્માએ ત્યાં સુધીનું જણાવ્યું છે કે,

जो गिलाणं पडिसेवइ, सो मां पडिसेवइ ।

*જે ગ્લાન સાધુની સેવા કરે છે,*

*તે મારી = (પરમાત્માની) સેવા કરે છે...*

હવે જ્યારે ગ્લાન સાધુની સેવા કરનારને સાક્ષાત્ તીર્થંકરની સેવા કરવા જેવો લાભ મળતો હોય તો શું આવી શાસ્ત્રીય હકીકતને જાણનારા સુસાધુઓ ગ્લાનની સેવા અંગે ઉપેક્ષા કરે ખરા ???

સદ્ગુરુ ભગવંત દ્વારા પણ વાચના વગેરેમાં વૈયાવચ્ચ અંગે કરાતી વારંવારની પ્રેરણાને લીધે સાધુ ભગવંતો ઉત્સાહભેર સેવા-વૈયાવચ્ચનાં કાર્યમાં દિલ દઈને લાગી પડતા હોય છે.

સાથે-સાથે આખો શ્રી સંઘ પણ મહાત્માને ગ્લાન અવસ્થામાં જરા પણ તકલીફ ન પડે તેની ખાસ તકેદારી રાખી રહ્યો છે. ગોચરી, પાણી, દવા, અનુપાનથી માંડીને મોટા-મોટાં ઑપરેશન સુધીની જવાબદારી સ્વીકારવા માટે શ્રીસંઘ તલપાપડ હોય છે. શ્રાવક-શ્રાવિકાઓ વારંવાર ઉપાશ્રયમાં મહાત્માને વિનંતિ કરતાં હોય છે કે,

'સાહેબજી ! કાંઈ પણ ખપ હોય તો પહેલાં અમને લાભ આપજો. અમારું ઘર બાજુમાં - નજીકમાં જ છે.

અમે દીક્ષા નથી લઈ શક્યા, ચારિત્રધરની સેવાનો લાભ મળશે તો એ બહાને અમારા પણ અંતરાયો તૂટશે. વગેરે... વગેરે...' આથી 'દીક્ષા બાદ દીકરા મ.સાહેબ સચવાશે નહિ તો ?' આવી બધી ચિંતાઓથી તદ્દન મુક્ત બની જાઓ. કેમકે આ ચિંતા તદ્દન અસ્થાને છે.

દૂધમાં દહીંનો અંશ ભળે
તો તે સ્વયં દહીં બને.
સાધકમાં પ્રભુનાં ગુણોનો
અંશ ભળે તો તે
સ્વયં પરમાત્મા બને.
અને તે ગુણોનાં અંશને
પામવાનો શ્રેષ્ઠ ઉપાય છે
સંયમ...

**પ્રશ્ન-૧૯** સાહેબજી ! આપની વાત અને દીકરાની ભાવના બંને યોગ્ય જ છે. છતાંય અમારો 'પુત્રસ્નેહ' છૂટે તેમ નથી. એનાં વિયોગની કલ્પના પણ ધ્રુજાવી દે છે.

ઉત્તર : જો આપને આપના દીકરા પ્રત્યે સાચો સ્નેહ છે.

જો આપ આપના દીકરાનું કલ્યાણ થાય તેમ ઈચ્છો છો.

જો આપ આપના દીકરાને આ ભવમાં અને આવતાં ભવમાં પણ સુખી જોવા ઈચ્છો છો, તો આપે આપના સુપુત્રને સંયમ સ્વીકાર માટે સહર્ષ સંમતિ આપવી જ રહી.

સાચા સ્નેહી કોણ ???

मनसा वचसा सम्यक्क्रियया च कृतोद्यमः ।
प्रोत्साहयति यस्तस्य स बन्धुः स्नेहनिर्भरः ॥

જે વ્યક્તિ વિચાર વડે, વાણી વડે અને વર્તન વડે અન્યને સન્માર્ગે આગળ વધવા પ્રોત્સાહિત કરે છે. તે માટે પોતે પોતાનાથી બનતું બધું જ કરી છૂટે છે તે જ સાચા સ્નેહી છે.

અને આનાથી વિપરીત,

अलीकस्नेहमोहेन यस्तु तं वारयेज्जनः ।
स तस्याहितकारित्वात् परमार्थेन वैरिकः ॥

જેઓ ધર્મમાર્ગે જવા ઈચ્છતા સંતાનને અંતરાય કરે,
રોકક્કળ કરીને એના વૈરાગ્યને હચમચાવી દે,
અનાદિ કાળનાં રૂઢ થઈ ગયેલા મોહની ઉદીરણા કરે,
ને સંતાનની ઊભી થયેલી સંયમપ્રાપ્તિની શક્યતાને સમાપ્ત કરી દે,
એ બહારથી ભલે સ્નેહી - સ્વજન હોય,
હકીકતમાં એ દુશ્મન છે, સૌથી મોટા દુશ્મન,
सम्मीलने नयनयोर्न हि किञ्चिदस्ति ।

*જ્યાં સુધી આંખ મીંચાઈ નથી ત્યાં સુધીની આ મોહ-માયા છે. તો શા માટે એમાં મોહાવું ? શા માટે એમાં અટવાવું ?*

શા માટે તમારાં શરણે આવેલા એક પવિત્ર આત્માની મોક્ષયાત્રાને અટકાવી દેવી ?

ભગવાન મહાવીરે બતાવેલ શ્રમણવેશ જ્યારે આપના સુપુત્રનાં દેહે શોભતો હશે ત્યારે દેવો અને ઈન્દ્રો પણ એને ભાવભર્યા નમસ્કાર કરશે. શા માટે માત્ર પોતાનાં મોહ ખાતર એને વિશ્વપૂજ્ય બનતાં અટકાવવો ?

જેમ આપને એક માતા તરીકે પુત્ર પ્રત્યેની મમતા હોય તેમ આપને જિનશાસનનાં શ્રાવિકા તરીકેનાં કર્તવ્યનું ભાન પણ હોવું જ જોઈએ.

જેમ આપને એક પિતા તરીકે પુત્ર પ્રત્યે પ્યાર છે તેમ આપને જિનશાસનનાં શ્રાવક તરીકેનાં કર્તવ્યનું ભાન પણ હોવું જ જોઈએ.

**કર્તવ્યપાલનની બાબતમાં જ્યારે મોહ-મમતા નડતરરૂપ બનતાં હોય તો તેને સત્ત્વ કેળવીને દૂર ફંગોળી દેવા જોઈએ.**

અબજોપતિ દીકરાઓ પણ જે બિરુદ ન આપી શકે તેવું 'રત્નકુક્ષિ' તરીકેનું બિરુદ આપને આપવા ઝંખતા દીકરાની ભાવના શા માટે કચડી નાંખવી ?

સંતાનને સંયમમાર્ગે પ્રયાણ કરવાની સહર્ષ અનુમતિ આપવા દ્વારા આપ જીવનનું એવું સર્વોત્કૃષ્ટ સુકૃત કરી લેશો કે જેની અનુમોદના માત્ર કરવાથી પણ આપનાં ચારિત્રમોહનીય આદિ કર્મોનો ભુક્કો થઈ જશે. અને આપને પણ આ ભવે કે આવતા ભવે ચારિત્ર પ્રાપ્ત થશે. જેનાં પ્રભાવે આપ પણ પરમપદનાં ભોક્તા બનશો.

આપનું અને આપનાં સંતાનનું બન્નેનું હિત આપની સહર્ષ અનુમતિમાં સમાયેલું છે. આપ આ તકને સહર્ષ વધાવી લો તેવા ખૂબ-ખૂબ શુભાશિષ.

**પ્રશ્ન૨૦** દીકરાની ભાવના અને વૈરાગ્ય પ્રબળ છે. અમારો પણ કોઈ ગાંડો મોહ નથી. પણ ચિંતા એક જ છે કે દીક્ષાનાં ખર્ચનું શું ? અમારી કાંઈ મોટો મહોત્સવ કરવાની સ્થિતિ નથી...

ઉત્તર : તમારો આ પ્રશ્ન ૧૦૦% સાચો છે.

હું આ અંગે તમારી સાથે પૂર્ણપણે સહમત છું.

અરે ! માત્ર તમને નહિ પણ મધ્યમવર્ગીય - સાધારણ સ્થિતિવાળા અનેક દીક્ષાર્થીનાં માતા-પિતાઓને આ ચિંતા હોય છે.

દીક્ષાનું નામ પડતાંની સાથે જ તેઓને માથે ભાર વર્તાતો હોય છે. વાસ્તવિક્તા એ છે કે,

દીક્ષા પૂર્વે વરઘોડા કાઢવા જ પડે,

મહોત્સવ કરાવવો જ પડે.

સ્વામિવાત્સલ્ય કરવું જ પડે. આવી કોઈ જ શાસ્ત્રીય વિધિ નથી.

શ્રી પંચસૂત્રમાં દીક્ષાવિધિમાં સ્પષ્ટ કહ્યું છે –

तोसिऊण विहवोचियं किविणाइं ।

*રંક-ગરીબ વગેરેને પોતાનાં વૈભવને અનુરૂપ સંતુષ્ટ કરીને (દીક્ષા લે).*

દાન એ દીક્ષાવિધિનો ભાગ ખરો, પણ વિભવોચિત. એક કરોડપતિ દીક્ષા લેતો હોય, એ જે દાન આપે, એટલું જ દાન મધ્યમવર્ગીય આપે તો એ વિભવોચિત ન કહેવાય.

પ્રભુને પાંચ પુષ્પો ચડાવીને, ગુરૂ ભગવંતોને પાંચ મુહપત્તી વહોરાવીને, શ્રીસંઘનાં પાંચ આરાધકોને જમાડીને, પાંચ ગરીબને એક-એક રૂપિયો આપીને ય દીક્ષા લઈ શકાય છે. જો સ્થિતિ એને અનુરૂપ જ હોય તો આટલું જ સુકૃત તે વ્યક્તિને અનુરૂપ કહેવાય. તેનાં માટે યોગ્ય મહોત્સવ આ જ કહેવાય.

બાકી મહોત્સવ કરાય એ જુદી વસ્તુ છે અને મહોત્સવ કરવો પડે એ જુદી વસ્તુ છે. 'કરાય' એ શાસ્ત્રીય વિધિ છે. 'કરવો પડે' એ

અવિધિ છે. માટે કો'ક સત્ત્વશાળી પરિવારે આ અવિધિને તોડવી જોઈએ. જેનાથી પાછળના અનેક મધ્યમવર્ગીય પરિવારોને પણ આલંબન મળે. અને તેઓ વ્યર્થ ચિન્તાથી અને ખર્ચનાં ભારથી મુક્ત થઈ શકે. એક દાખલો બેસે કે 'વિધિ તો આ છે, તમારી પહોંચ છે એટલું કરો, ખેંચાવાની મનાઈ છે.'

વિપરીત લોકમાનસ પાછળનું કારણ સમ્યક્જ્ઞાનનો અભાવ છે. લોકોને સાચી વિધિનું ભાન થાય એ માટે પણ જો શક્ય હોય તો તમારે સત્ત્વ કેળવીને શાસ્ત્રીયવિધિને અપનાવવી જોઈએ.

પણ,

તમારું સત્ત્વ ન જ પહોંચે,

સાથે-સાથે લોકમાનસ પણ ન જ બદલાય તો

અપવાદમાર્ગે તમે સંયમપ્રેમી શ્રેષ્ઠીઓની સહાય દ્વારા મહોત્સવનાં ખર્ચને પહોંચી વળો. પણ માત્ર ખર્ચનાં મુદ્દે આપનાં લાડકવાયાને અંતરાય કરશો નહિ.

યુગપ્રધાન આચાર્યસમ પ.પૂ.પં.પ્રવર શ્રી ચન્દ્રશેખરવિજયજી મ.સાહેબ પ્રેરિત 'વિરતિદૂત' માસિક માં 'અમને લાભ આપશોજી' આ નામ સાથે દીક્ષા ખર્ચનો લાભ લેવા ઈચ્છતાં સંયમપ્રેમી દાનવીર શ્રેષ્ઠીઓનો વિનંતિ પત્ર આવે છે. આપ એમનો સંપર્ક પણ કરી શકો છો. ફરી યાદ રહે...

આ એક આપવાદિક ઊભી થયેલી વ્યવસ્થા છે.

મૂળમાર્ગ તો નથી જ.

સત્ત્વકેળવી મૂળમાર્ગને વળગી રહેવા જ પુરુષાર્થ કરવા યોગ્ય છે...

જિનાજ્ઞા વિરુદ્ધ લખાયું હોય તેનું

ત્રિવિધે - ત્રિવિધે મિચ્છામિ દુક્કડમ્ ।

***Special Thanks to***

| | |
|---|---|
| બાળદીક્ષાનો જય | - આ. ઉદયવલ્લભસૂરિજી |
| સંયમ કબહી મિલે | - પ્રિયમ્ |
| દીક્ષા પહેલાં | - પ્રિયમ્ |



## સંયમ માટે તલસતાં મુમુક્ષુનો અંતર્નાદ...

ઓ ભગવાન ! મને ઈલેક્ટ્રીસિટીનાં યુઝની દરેક ક્ષણે કપાયેલા માછલાઓ અને લોહીયાળ પાણી દેખાય છે. મને ઈલેક્ટ્રીસિટીનાં યુઝની દરેક ક્ષણે ન્યુક્લિયર રેડિયેશનથી કેન્સરનો ભોગ બનીને મરતાં સ્ટાફનાં માણસો અને આજુ-બાજુનાં રહેવાસીઓ દેખાય છે. મને પેટ્રોલનાં દરેક ટીપાંમાં ઍક્સપોર્ટ કરાયેલા પશુઓનું લોહી દેખાય છે. મને મારા ઍરકન્ડીશનમાં પ્રદૂષણથી મરતાં જીવોની કબર દેખાય છે. મને મારી બાઈક અને કારમાં નિર્દોષ જીવોનો કચ્ચરઘાણ દેખાય છે. મને મારા ટી.વી.માં અને ઈન્ટરનેટમાં અઢારે પાપસ્થાનકોનાં પાવરહાઉસ દેખાય છે. મને મારાં મોબાઈલમાં લાખો ચકલીઓની લાશ દેખાય છે. મને મારા મનોરંજનમાં અબજો-અબજો જીવોનું જીવનભંજન દેખાય છે. મને મારા સાંસારિક જીવનમાં અનંતાનંત જીવોનું મૃત્યુ દેખાય છે.

ઓ ભગવાન ! ૬૦,૦૦૦ વર્ષનાં આયંબિલ જેણે દીક્ષા મેળવવા માટે કર્યા એ સુંદરીની ફીલિંગ્સ સાથે કહું છું કે મને દીક્ષા આપો. જન્મથી માંડીને છ-છ મહિના સુધી જેણે દીક્ષા માટે રુદન કર્યું એ વજસ્વામીનાં આંસુ સાથે કહું છું મને દીક્ષા આપો. દીક્ષા માટે જેમણે આજીવન છટ્ઠનાં પારણે આયંબિલ કર્યા એ શિવકુમારનાં ઈમોશન્સ સાથે કહું છું મને દીક્ષા આપો.

ઓ મારા નાથ ! બચાવ મને આ પાપોમાંથી... બચાવ... જલ્દી બચાવ... મારો હાથ પકડ... મને આ કતલખાનાની નોકરીથી છોડાવ... મને સંસારમાંથી બહાર કાઢ... બસ... હવે એક ક્ષણ પણ હું આ સંસારમાં રહી શકું તેમ નથી. પ્લીઝ, મને દીક્ષા આપો, મને રત્નત્રયી આપો... જલ્દી આપો...

('સંયમસંવેદના' પુસ્તકમાંથી સાભાર...)